કિં. ₹૨૦/-
પાના નં.૧

ડિસેમ્બર-૨૦૨૩
જાન્યુઆરી-૨૦૨૪

સળંગ અંકઃ ૧૦૨
વર્ષ : ૨૦

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ


gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा



**जल थल नभ गित अिमत अित अग जग जीव अनेक।**
**तुलसी तो से दीन कहँ राम नाम गित एक॥**

इस संसार में अनेक जीव हैं। उन जीवों में से कुछ की गति जल में है, कुछ की पृथ्वी पर है और कुछ की आकाश में।
लेकिन तुलसी के लिए केवल राम-नाम ही एकमात्र गति है।

जय सियाराम

શ્રી રામાયણને સમજવાનો પ્રયત્ન ...૪ | પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી ...૧૫ | વ્યક્તિ વિશેષ ...૨૩ | વિચારમંચ ...૨૬



Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby Emerald Pearl Coral Diamond



Blue Sapphire Hessonite Cat's eye

RATNAश्री®

Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad

Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333

Email: ratnashree09@yahoo.com,

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૨૦ સળંગ અંક : ૧૦૨
ડિસેમ્બર - ૨૦૨૩ - જાન્યુઆરી - ૨૦૨૪

**ચેરમેન**
મનુભાઇ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
**સંપાદક મંડળ**
**મહિલા અને બાળ વિભાગ :**
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
**કલા અને સાહિત્ય વિભાગ :**
પો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧
**ડિઝાઇન / મુદ્રણ આયોજન :**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઇટ :**
ચિરાગ બુધ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ :**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**માનદ્ સહયોગી**

| | |
|---|---|
| **અમદાવાદ** | નીલેશભાઈ પોમલ |
| **ભુજ** | સુધાબેન બુધ્ધભટ્ટી |
| **જુનાગઢ** | ડૉ. શૈલેષ બારમેડા |
| **અંજાર** | અનિલ એસ. સોની |
| **માધાપર** | હિતેશ સોની |
| **સાબરકાંઠા** | દિનેશભાઈ સોની |
| **નખત્રાણા** | પ્રફુલભાઈ કંસારા |
| **આદિપુર** | સુનીલ સોલંકી |
| **ગાંધીધામ** | કિશોર સોલંકી |
| **માંડવી** | વિનોદભાઈ હેડાઉ |

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય** : ૧૫, સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ.
**ફોન** : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

'જ્ઞાતિસેતુ' માં પ્રસ્તુત માહિતી અને રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ' નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



વર્ષના વિશિષ્ઠ દિવસ, (મકર સંક્રાંતિ)થી ઉતરોતર આપ સૌ સેતુ-ભાવકોનું જીવન 'ઉષ્મા', 'ઉજાસ' અને 'ઉલ્લાસ' થી ભરપૂર રહે તેવી શુભેચ્છા.

'આપણી વિરાસત' પુસ્તકની પ્રકાશન વ્યવસ્થા દરમ્યાન, કેટલીક વિશેષ બાબતોનો અનુભવ થયો, તેની ઝલક આપ સહુની જાણ માટે અત્રે પ્રસ્તુત છે. 'આપણી વિરાસત'ને મળેલો વ્યાપક આવકાર સૂચવે છે કે પ્રકાશન આપણા સમાજની ઈતિહાસમૂલક દર્શાવતું આ પુસ્તક માત્ર અમદાવાદ જ્ઞાતિ સિમિતનું નથી, એની વિગતો કચ્છથી કેરલ સુધી ભારત ઉપરાંત વિદેશમાં વસતા આપણા સમાજના સભ્યો માટે રસપ્રદ ઉપયોગી સામગ્રી છે. વિમોચન સમારોહમાં પ્રમુખ સ્થાનેથી જણાવ્યા મુજબ અમદાવાદ મંડળની બાહ્ય પ્રવૃતિઓ સમસ્ત સમાજલક્ષી રહી છે, જેનું આ એક ઉદાહરણ છે. આ મંડળની શાખ કેટલી સધ્ધર છે તેનું અનુમાન પ્રતિસાદ પાઠવે છે.

આ પુસ્તકને જૈન, લોહાણા, નાગર આદિ જ્ઞાતિના મોભીઓએ પણ વખાણ્યું છે. શ્રી હરેશભાઈ ધોળકિયાએ એમની પ્રસ્તાવનામાં આ પુસ્તકનું દસ્તાવેજી મહત્વ ઉજાગર કર્યું છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા જ્ઞાતિસેતુના શતક વિશેષાંક માટેના સંદેશમાં, આ પુસ્તક ઉપરાંત આપણા સમાજમાં કલા-કસબ કૌશલ્યની પ્રશંસા કરી છે. ગુજરાત સરકારે આ પુસ્તકને રાજ્યની લાઇબ્રેરીમાં વસાવવાનો પ્રબંધ કર્યો છે જે આપણા સમસ્ત સમાજ માટે ગૌરવરૂપ છે.

કેટલીક સંસ્થાકીય મર્યાદાઓને લીધે પ્રારંભે, આ પુસ્તકનું પ્રકાશન સંભાળવાનો ભળવાનો સંકોચ હતો પરંતુ વડીલશ્રી હંસરાજભાઈ (મુખ્યમંત્રીશ્રી, જ્ઞાતિસેતુ)નું સૂચન હતું કે આ પુસ્તકને સાર્વત્રિક આવકાર મળે તે માટે એનું સંસ્થાકીય દરજ્જો પ્રકાશન આવશ્યક છે. પરિણામે આપણા સમાજનો પ્રોત્સાહન પ્રતિસાદ મળ્યો.

અંતમાં શ્રી તુલસીદાસભાઈએ એમના સંપાદનીય આભાર દર્શનમાં લખ્યું છે. તેમ આ પુસ્તકના પ્રેરક અને પથદર્શક શ્રી હંસરાજભાઈ તેમજ આ પુસ્તકના સંપાદક શ્રી તુલસીદાસભાઈનો સમાજ-નિષ્ઠાને અમદાવાદ મંડળ વતી બિરદાવીએ છીએ આ ઉપરાંત પુસ્તક પ્રકાશન માટે સહયોગ આપનાર સર્વે શ્રેષ્ઠીઓનો અમે હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ.

**મનુભાઈ કોટડીયા** **અતુલ સોની**

# શ્રી રામાયણને સમજવાનો એક પ્રયત્ન

હીરાલાલ એન. સોની (ઈક્ષણ)

દેવોના રાજા ઇન્દ્ર પણ જેની ઈર્ષા કરે એ કેવી ભવ્ય હશે. અયોધ્યા નગરી અને કેવા શૂરવીર હશે દશરથ રાજા કે જેની સહાય ઇન્દ્ર માંગતા હોય અને કેવો હશે એમનો દાંપત્ય જીવન કે ઈશ્વરને પણ એને ઘરે જન્મ લેવાનો થાય. પણ એક માત્ર કુબુધ્ધિ મંથરા કેવી રામાયણ સર્જી નાખે છે તે સર્વનો આપણી રોજબરોજ જીવતી જિંદગી સાથે રામાયણ કેવી ઓતપ્રોત વણાઈ ગયેલી છે તે જોઈએ. સરિયું નદીને કિનારે અયોધ્યા નામનો નગર હતો અને તેમ દશરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રણ રાણીઓ હતી અને ચાર (૪) પુત્રો હતાં. આ ચાર પુત્રોના લગ્ન મીઠીલા નગરીના રાજા જનકની પુત્રીઓ સાથે થયેલ.

**સરિયું નદીઃ** જેનો જળ સતત વહેતો રહે તે સરિતા આમ સરિયું નદી એ નામે સરિતનો ગુણધર્મ બતાવે છે એટલે કે સતત સારી જતી આપણી જિંદગી એટલે સરિયું નદી.

**અયોધ્યા નગરઃ** સરિયું નદીને કાંઠે અયોધ્યા નામનો નગર જ હોય  અન્ય કોઈ નામે નહીં કેમ? અ-યુધ્ધ નથી સંકલન છે. માનવ શરીરના પ્રત્યેક અંગ પોત પોતાનું કાર્ય કરે છે. આમ અયોધ્યા એટલે માનવ શરીરનો પ્રતિક.

**દશરથઃ** સરિયું નદીને કાંઠે અયોધ્યા નામે નગર હોય તેનો રામ દશરથ જ હોય અન્ય કોઈ નહીં કારણ પણચ કર્મન્દ્રિયો અને પણચ જ્ઞાનેન્દ્રિયોથી હાલતો-ચાલતો રથ એટલે આપણો ભૌતિકદેહ એટલે દશરથ.

**ત્રણ રાણીઓઃ** દશરથ રાજાને ત્રણ રાણીઓ હોય ૨-૫-૧૦ નહીં કારણકે મનુષ્યદેહ ત્રિગુણાત્મક માયથી બધ્ધ છે. સત્વ, તમ અને રજ નામે ત્રિગુણાત્મક માય એટલે જ કૌશલ્ય - સત્વ, કેકૈ - તમોગુણ અને સુમિત્રા એટલે રજોગુણ ધરાવતી પ્રત્યેક માતાથી દશરથને ચાર પુત્રો થાય છે. અનુક્રમે રામ – ધર્મ, ભરત – જીવંત પ્રેમ, લક્ષ્મણ – વૈરાગ્ય અને શત્રુઘ્ન એટલે શક્ષાત શક્તિ.

**શ્રી રામઃ** રામ એટલે શાક્ષાત ધર્મ, માતા કૌશલ્ય એ સત્વગુણની પ્રતિક છે અને ત્યાંજ જીવંતધર્મ એટલે શ્રી રામનો પ્રાગટ્ય થાય. આમ ઈશ્વરને અવતરવા માટે સત્વગુણી માતા જોઈએ. જીવનના પ્રત્યેક તબ્બકે રામ હમેશા ધર્મ જાળવ્યો છે અને તેથીજ રામ ધર્મના લગ્ન સીતારૂપી - ભક્તિથી થાય છે. શ્રી રામે ત્યાગનો મહિમા સમજાવતા આયોધ્યાની ગાદીના હક્કદાર હોવા છતાં વનવાસ સ્વીકાર્યો. કિષ્કિંધા નગરીમાં વાલીને મારીને કિષ્કિંધા નગરી સુગ્રીવને આપી અને લંકા-સોનાની લંકા રાવણને મારી તેનાજ ભાઈ વિભીષણને આપી કેટલો ભવ્ય ત્યાગ.  ત્યાગ, ધર્મ અને પ્રેમનો મહિમા સમજાવે તે શ્રી રામ.

**ભરતઃ** તમો ગુણી માતા કેકૈને ત્યાં જન્મેલ ભરત એટલે શાક્ષાત જીવંત પ્રેમ તમો ગુણને ત્યાં પ્રેમ મૂર્તિ ભરતનો જન્મ થયો કેમ? ભરતના જન્મ પહેલાથી મંદી શ્રી રામના રાજ્યાભિષેકના નિર્ણય સુધી કેકૈ તમોગુણી ના હતી. કુબુધ્ધિ મંથરાના સંગે-સલાહે  તેનો  તમો  ગુણ પ્રગટ થયો રામ વનવાસ સુધી.

**લક્ષ્મણ અને શત્રુઘ્નઃ** ત્રિગુણાત્મક માયાના રજોગુણ પ્રકૃતિમાં પ્રતિક એટલે માતા સુમિત્રાને ત્યાં વૈરાગ્યના પ્રતિક જેવા લક્ષ્મણ અને શત્રુને સંહારનાર શક્તિના પ્રતિક એવા શત્રુઘ્નનો જન્મ થાય છે. રજોગુણી માયાનો ગુણધર્મ છે દ્રઢનિશ્ચય અને તેથીજ વૈરાગ્ય વૃતિના લક્ષ્મણનો ત્યાં જન્મ થાય છે અને શક્તિના પ્રતિક એવા શત્રુઘ્ન કે જેણે શત્રુઓને સંહાર કર્યા. એ શત્રુઓ બહારના નહોતા પરંતુ આંતરીક શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. એનો નાશ કરનાર એટલે શત્રુઘ્ન અને વૈરાગ્યના શાક્ષાત પ્રતિક એટલે લક્ષ્મણ.

આમ રામાયણ એટલે મનુષ લોકમાં જીવતી જિંદગીની પ્રતિક કેમ તે જોઈએ. શ્રી રામ એટલે શાક્ષાત ધર્મ જેવા લગ્ન ભક્તિ જોડેજ થાય. અને જ્યારે ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય અનુક્રમે રામ-સીતા-લક્ષ્મણ એ જે કુટુંબ માંથી દૂર થાય (વનવાસ) ત્યારે દશરથ (પિતા) મૃત્યુ પામે અને માત્ર વ્યક્તિ (દશરથ) જ નહીં પણ જે કુટુંબ, સમાજ, દેશ કે રાષ્ટ્રમાંથી ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય નીકળી જાય તેનો નારાજ થાય એ દશરથના મૃત્યુ દ્વારા બતાવે છે. આમ શ્રી રામાયણ એ માત્ર ગ્રંથ ન રહેતા મનુષ્યની સતત જીવતી જિંદગી બની રહી છે.





**પ્રેષકઃ તુલસીદાસ કંસારા**

## અધ્યાય - ૯ - રાજવિદ્યા - રાજ ગુહ્ય - યોગ

આ લેખમાળાના પ્રથમ લેખમાં આપે વાંચેલ હશે કે ''ગીતાનો સાર'' આપવાનો હેતુ ગીતા ધ્વારા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદ રૂપે આપવામાં આવેલ ઉપદેશ એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મના ત્રિવેણી સંગમના સારને દરેક વાંચક સુધી પહોંચાડવાનો હતો. અને આ ઉપદેશ એટલે સમાજના એક ભાગ રૂપે દરેક વ્યક્તિએ જીવન જીવવાની કળા, અન્ય વ્યક્તિઓ સાથે તેનું વર્તન કેવું હોવું જોઈએ, તે વિશેનું તત્વજ્ઞાન. હવે આ નવમા અધ્યાયમાં આપણને અર્જુનરૂપે પ્રથમ ૬ શ્લોકોમાં ગુઢ, રહસ્યમય જ્ઞાન આપવાની વાત કરેલ છે. ત્યાર બાદ ૧૦માં અધ્યાયમાં જગતની ઉત્પત્તિના વિષયને સમજાવતાં કહેવાયું છે કે ભગવાન એટલે પ્રકૃત્તિ, કુદરત; અગ્નિ, જળ, વાયુ અને પૃથ્વી. આ ચાર બાબતોમાં સ્થાવર અને જંગમ જગત સમાઈ જાય છે, જે કુદરતી રીતેજ પેદા થયેલ છે. અને ત્યારબાદના શ્લોકોમાં સમાજની વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર, આસુરી પ્રકૃતિનાં અને દૈવી પ્રકૃતિના લોકોનો ભેદ સમજાવીને, સકામ અને નિષ્કામ ભક્તિ દ્વારા સમાજના નિયમો અનુસરનાર વ્યક્તિઓની વાત કરેલ છે. ઉપરાંત નિષ્કામ ભક્તિનો મહિમા સમજાવેલ છે, જે તેમના કર્મના સિદ્ધાંત ''કર્મણ્યે વા ધિકારસ્તે'' ને અનુરૂપ છે. તો, ચાલો આપણે હવે ૯મા અધ્યાયના શ્લોકો તેના અનુવાદ સાથે જોઈએ.

**શ્રી ભગવાનુવાચ-**

*ઇદં તુ તે ગહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે,*
*જ્ઞાનં વિજ્ઞાનસહિત યજજ્ઞાત્વા મોક્ષ્યસેશુભાત. (૧)*
*રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુતમમ,*
*પ્રત્યક્ષાવગમં ધર્મો સુસુખં કર્તુમવ્યયમ. (૨)*
*અશ્રદ્દધાનઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ,*
*અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવત્મનિ. (૩)*
*મયા તતમિદં સર્વ જગદવ્યક્તમૂર્તિના,*
*મસ્થાનિ સર્વભૂતાનિ ન ચાહ તેષ્વવસ્થિતઃ (૪)*
*ન ચ મસ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ,*
*ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ (૫)*
*યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન,*
*તથા સર્વાણિ ભૂતાનિ મસ્થાનત્યુપધારય. (૬)*
*સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિ યાન્તિ મામિકામ,*
*કલ્પાદ્દો વિસૃજામ્યહમ. (૭)*
*પ્રકૃતિ સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ભૂ*
*તગ્રામમિમં કૃત્નમવશં પ્રકૃતેવૃશાત. (૮)*

**શ્રી ભગવાન બોલ્યાઃ**

હે અર્જુન ! તારા જેવા નિર્મળ હૃદયના ભક્તને હું આ વિજ્ઞાન સહીત અતિ ગોપનીય જ્ઞાન કહું છું. જે જાણવાથી તું આ દુઃખરૂપ સંસારથી મુક્ત થઈશ. આ જ્ઞાન સર્વ વિદ્યાઓનો રાજા છે. સર્વે ગુપ્તતાઓમાં શ્રેષ્ઠ છે, પવિત્ર છે, ઉત્તમ છે, પ્રત્યક્ષ ફળ અનુભવી શવાય એવું છે, ધર્માનુસાર છે. સુખપૂર્વક પ્રાપ્ત થનારું અને અવિનાશી છે. હે પરંતપ ! ધર્મમાં શ્રદ્ધા ન રાખનારા માનવીઓ મારી પ્રાપ્તિ ન થવાથી મૃત્યુયુક્ત સંસારચક્રમાં ભમ્યા કરે છે. હું અવ્યક્તરૂપ છું, સકળ જગત મારાથી વ્યાપ્ત છે. મારામાં સર્વ ભૂતો સ્થિત છે. (અહીં ભૂત કે ભૂતોનો અર્થ થાય છે જળ, સ્થળ, ચેતન, અચેતન જેમાં માનવો, પ્રાણીઓ, પશુઓ, પક્ષીઓ, વનસ્પતિ, પાંચ તત્વો ઈ.નો સમાવેશ થાય છે) પરંતુ હું તેમનામાં સ્થિત નથી. ભૂતો મારામાં નથી. એવી મારી ઈશ્વરી અદભૂત ઘટના જો. હું ભૂતોને ધારણ કરું છું છતાં ભૂતોમાં હું રહેતો નથી. મારો આત્મા ભૂતોની ઉત્પતિ અને સંરક્ષણ કરનારો છે. જેવી રીતે સર્વત્ર વિચરનાર પ્રચંડ વાયુ કાયમ આકાશમાં જ હોય છે, તેમ સર્વ ભૂતો મારામાં સ્થિત છે એમ તું માન. હે કોંતય ! સર્વ ભૂતો કલ્પ (પૌરાણિક માન્યતા પ્રમાણે ૧૦૦૦ યુગોનો સમય, બ્રહ્માનો એક દિવસ) ના અંતે મારી પ્રકૃતિમાં જ લીન થાય છે અને કલ્પના આરંભમાં ફરી હું જ એને ઉત્પન

કરું છું. આ પ્રમાણે હું મારી પોતાની પ્રકૃતિનો આશ્રય કરીને સ્વભાવથી પરતંત્ર એવા આ ભૂત સમુદાયને ફરી ફરી લીન કરું છું અને ઉત્પન કરું છું.

*ન ચ માં તાનિ કર્માણિ નિબંધ્નન્તિ ધનઞ્જય,*
*ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ. (૯)*
*મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ,*
*હેતુનાનેન કૌન્તેય જગદ્વિપરિવર્તન. (૧૦)*
*અવજાનન્તિમાં મૂઢા માનુવર્ષી તનુમાશ્રિતમ,*
*પર ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ. (૧૧)*
*મોઘાશા મોઘકર્મણો મોઘજ્ઞાના વિચેતસાઃરાક્ષસીમાસુ*
*રી ચૈવ પ્રકૃતિ મોહિનીં શ્રિતાઃ (૧૨)*

હે ધનંજય ! કર્મો પ્રત્યે ઉદાસીન પુરુષ પ્રમાણે આસક્તિ વગરના રહેલા મને તે કર્મો બંધન કરતાં નથી. હે કૌંતિય ! મારી અધ્યક્ષતાથી આ ત્રિગુણાત્મક પ્રકૃતિ આ ચરાચર જગતને ઉત્પન કરે છે. એજ કારણથી વિશ્વ ફરતું રહે છે. મેં મનુષ્ય દેહ ધારણ કરેલો છે. તેથી મૂઢ મનુષ્યો મારી અવજ્ઞા કરે છે. હું સર્વ ભૂતોનો ઈશ્વર છું એવું જે મારું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે તેનું જ્ઞાન તેમને હોતું નથી. તે અજ્ઞાનીઓની આશા, કર્મો અને જ્ઞાન-સર્વ વ્યર્થ જ છે. તેઓ વિચારશૂન્ય થઇ જાય છે અને મોહમાં બાંધનારા રાક્ષસી તથા આસુરી સ્વભાવનો જ આશ્રય કરે છે.

*મહાત્માનસ્તુ માં પાર્થ દૈવી પ્રકૃતિમાશ્રિતાઃ*
*ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ. (૧૩)*
*સતતં કીર્તયન્તો માં યતન્ત દ્રઢવ્રતા,*
*નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે. (૧૪)*
*જ્ઞનયજ્ઞન ચાપ્યન્યે યજન્તો મામુપાસતેધ,*
*એકત્વેન પૃથકત્વેન બહુધા વિશ્વતોમુખમ. (૧૫)*

હે પાર્થ ! જેમણે દૈવી પ્રકૃતિનો આશ્રય કર્યો છે એવા એકનિષ્ઠ મહાત્માઓ જાણે જ છે કે હું ભૂતોનો આદિ અને અવિનાશી છું. તેઓ એમ સમજીને જ મને ભજે છે નિત્ય ભક્તિપૂર્વક શમાદિ વ્રતોને દઢતાપૂર્વક પાળી તે મહાત્માઓ, નિરંતર મારું કીર્તન કરી તથા ઇન્દ્રિય દમન અને નમસ્કાર કરતાં મારી જ ઉપાસના કરે છે. જ્ઞાનયજ્ઞથી પૂજનારા કેટલાક મનુષ્યો મારી ઉપાસના કરે છે. અને વિશ્વતોમુખે રહેલા કેટલાક મનુષ્યો મારી એકરૂપથી, ભિન્ન ભિન્ન રૂપથી મારી ઉપાસના કરે છે.

*અહં ક્રતુરહ યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ,*
*મંત્રોહમહમેવાજ્ય મહમગ્નિરહં હુતમ. (૧૬)*
*પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ*
*વેદ્યં પવિત્રમોંકાર ઋક્ સામ યજુરેવ ચ. (૧૭)*
*ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત,*
*પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ. (૧૮)*
*તપામ્યહમહં વર્ષ નિગૃહામ્યુત્સૃજામિ ચ,*
*અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન. (૧૯)*

અગ્નિહોત્ર આદિ શ્રોતયજ્ઞ, વૈશ્વદેવાદિક સ્માર્તયજ્ઞ, પિતૃઓને અર્પણ થતું ''સ્વધા'' અન્ન, ઔષધ, મંત્ર, હુદ્રવ્ય, અગ્નિ અને હવનકર્મ હું જ છું. આ જગતનો પિતા, માતા, પિતામહ એટલેકે કર્મફળ આપનાર બ્રહ્મદેવનો પિતા, પવિત્ર કરનાર યજ્ઞયાગાદિ કર્મો, ઓમકાર, ઋગવેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું જ છું. પ્રાપ્ત થવા યોગ્ય કર્મફળ, જગતનો પોષણકર્તા, સર્વનો સ્વામી, પ્રાણીઓના શુભાશુભ કર્મોનો સાક્ષી, સર્વનું નિવાસસ્થાન, શરણાગત વત્સલ, અનપેક્ષ મિત્ર, જગતની ઉત્પતિ, પ્રલય રૂપ તથા સર્વનો આશ્રય, નિધાન અને અવિનાશી કારણ પણ હું જ છું. હે પાર્થ ! સુર્યરૂપે હું તપું છું, વરસાદ પાડનાર અને રોકનાર હું છું, અમૃત હું છું, મૃત્યુ હું છું, સત અને અસત પણ હું છું.

*ત્રવિદ્યા માં સોમપાઃ પૂતપાપાયજ્ઞેરિષ્ના સ્વર્ગતિ*
*પ્રાર્થયન્તે,*
*તે પુણ્યમાસાધ સુરેન્દ્રલોક-મશ્નન્તિ દિવ્યાન્દિવિ*
*દેવભોગાન. (૨૦)*
*તે તં ભુત્વા સ્વર્ગલોકં વિશાલંક્ષીણે પુણ્યે મર્ત્યલોકં*
*વિશન્તિ,*
*એવ ત્રયીધર્મમનુપ્રપન્નાગતાગત કામકામા લભન્તે. (૨૧)*
*અનન્યા ચીન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે,*
*તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ. (૨૨)*
*યેપ્યન્યદેવતા ભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ,*
*તેપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ. (૨૩)*
*અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ.ન તુ*
*મામભિજાનન્તિ તત્ત્વના તથ્યવન્તિ તે. (૨૪)*

ત્રણ વેદ જાણનારા, સોમપાન કરનારા, અને તેના યોગથી નિષ્પાપ થયેલા, જે યાજ્ઞિકો યજ્ઞ વડે મારું પૂજન કરીને સ્વર્ગ પ્રાપ્તિ માટે મારી પ્રાથના કરે છે અને તેઓ દીક્ષિત પુણ્યના પ્રભાવે, સ્વર્ગમાં જઈ દેવોના ભોગો ભોગવે છે. તેઓ વિશાળ સ્વર્ગલોકનો ઉપભોગ કરી પુણ્ય સમાપ્ત થતાં પાછા મૃત્યુલોકમાં આવે છે. આમ ત્રણ વેદમાં નિર્દિષ્ટ કરેલા કેવળ વૈદિક કર્મ કરનારા કામના પ્રિય લોકો જન્મ-મરણના ચક્કરમાં પડે છે. જે લોકો એકનિષ્ઠ થઈને મારું ચિંતન કરતાં મારી ઉપાસના કરે છે, એ સર્વદા મારી સાથે નિષ્કામ ભક્તોના યોગક્ષેમને હું ચલાવતો રહું છું.

અન્ય દેવોને ઉપાસતા લોકો શ્રધાયુક્ત થઇ તે દેવતાઓનું પૂજન-યજ્ઞ કરે છે. હે કૌન્તેય ! તેઓ પણ મારું જ યજ્ઞ-પૂજન કરે છે. પરંતુ તેમનું એ આચરણ અવિધિપૂર્વકનું હોય છે. કેમ કે હું જ સર્વ યજ્ઞોનો ભોક્તા અને સ્વામી છું, અન્ય દેવોના ભક્તો મને તત્વતઃ જાણતા નથી. તેથી તેઓ મુખ્ય યજ્ઞફળથી વંચિત રહે છે.

*यान्ति देवव्रता देवान पितृन्यान्ति पितृव्रताः,*
*भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोपि माम. (૨૫)*
*पत्र पुष्प फल तोयं यो मे भक्त्या प्रयच्छति,*
*तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः (૨૬)*
*यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत,*
*यतपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम. (૨૭)*
*शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनेः,*
*संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि. (૨૮)*

દેવોની ઉપાસના કરનારા દેવલોકમાં જાય છે, પિતૃભક્તો પિતૃલોકમાં જાય છે. ભૂતો (વિનોબાજી આનો અર્થ સમજાવતાં પંચમહાભૂત - આપણા શરીરની સૃષ્ટી) ના પુજકોને ભૂતોની પ્રાપ્તિ થાય છે અને મારું ભજન કરનારાઓને મારી પ્રાપ્તિ થાય છે.

શુદ્ધ ચિત્તવાળા ભક્તો પ્રેમ અને ભક્તિપૂર્વક મને પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે અર્પણ કરે છે. તે હું સાકારરૂપ ધારણ કરી પ્રેમપૂર્વક ગ્રહણ કરું છું. હે કાન્તેય ! તું જે કંઈ કર્મ કરે, ભક્ષણ કરે, હવન કરે, દાન આપે કે સ્વધર્માચરણરૂપ તપ કરે, તે સર્વ કંઈ મને અર્પણ કરી દે. આમ સર્વ કર્મો મને અર્પણ કરવાથી તારું અંતઃકરણ સન્યાસયોગ યુક્ત થશે. આથી તું શુભ-અશુભ ફળ આપનારા કર્મબંધનથી મુક્ત થઇ જઈશ. અને એમ તું મારામાં મળી જઈશ.

*समोहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः,*
*ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम. (૨૯)*
*अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्,*
*साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः (૩૦)*
*क्षिप्रं भजति धर्मात्मा शश्वच्छान्ति निगच्छति,*
*कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति. (૩૧)*
*मां हि पार्थ व्यपाश्रित्य येपि स्युः पापयोनयः*
*स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेपि यान्ति परां गतिम. (૩૨)*
*किं पुनःर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा,*
*अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम. (૩૩)*
*मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु,*
*मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः. (૩૪)*

હું સર્વ ભૂતો (શરીરો - મનુષ્યો)માં સમાન છું. મારો કોઈ શત્રુ નથી કે કોઈ મિત્ર નથી. મને જે ભક્તિથી ભજે છે તેઓ મારામાં સ્થિર છે અને હું પણ તેમનામાં રહું છું. અતિ દુરાચારી હોવા છતાં જે એકનિષ્ઠાથી મારું ભજન કરે તેને સાધુ સમજવો. કેમ કે તે યથાર્થ નિશ્ચયવાળો હોય છે. એટલેકે તે એવું માને છે કે પ્રભુભજન સિવાય અન્ય કઇ જ નથી. હે કાન્તય ! તે તરત જ ધર્માત્મા બની જાય છે અને શાશ્વત, પરમ શાંતિ પામે છે.

મારા ભક્તનો કદી નાશ થતો નથી, એ તું નિશ્ચયપૂર્વક જાણ. સ્ત્રીઓ, વૈશ્ય, શુદ્ર વગેરે જે કોઈ પાપ યોનીમાં જન્મ્યા હોય તો પણ હે પાર્થ ! તેઓ મારો આશ્રય કરે તો તેને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે છે તો જે પુણ્યશાળી હોય અને સાથે મારી ભક્તિ કરનારા બ્રાહ્મણ અને રાજર્ષિ હોય તો તે મને અતિ પ્રિય જ હોય. તેં આ નાશવંત અને દુઃખી એવા મૃત્યુલોકમાં જન્મ ધારણ કર્યો છે, તો મારું ભજન કર.

હે અર્જુન ! તું મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારા પૂજન વિષે પરાયણ થા તથા મને નમસ્કાર કર. આ પ્રકારે મારા શરણને પ્રાપ્ત થયેલો તું તારા અંતઃકરણને મારામાં યોજવાથી મને પામીશ.

**અધ્યાય - ૯ - રાજવિદ્યા - રાજ ગુહ્ય - યોગ સમાપ્ત.**

# સત્સંગ

# કૃપાનિધાન શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ શ્રીગુસાંઈજી

પ્રેષકઃ મનુભાઈ કોટડિયા

## ૨૩. મતવાલા મહબૂબ

"કાકાજી..."

"બોલો, બાબા..."

"મ્લેચ્છ જાતિનો એક દૈવીજીવ ત્રણ દિવસથી ભૂખ્યો અને તરસ્યો ગૌરી કુંડ પર પડ્યો છે. મને એની ચિંતા થઈ તેથી મેં એને દર્શન આપ્યા તો એ સામો મને પકડવા દોડ્યો. મહામુસીબતે હું છટકીને અહીં આવી શક્યો. તમે જ્યાં સુધી એનો અંગિકાર ન કરો ત્યાં સુધી હું એનો કેવી રીતે સ્પર્શ કરી શકું ? તમે જઈને એનું નામ-નિવેદન કરાવો પછી હું એનો સ્વીકાર કરીશ."

"જેવી આજ્ઞા બાબા."

ભગવદ્ આજ્ઞા સાંભળીને તરત જ શ્રીગુસાંઈજી વસ્ત્રોની એક પોટલી લઈ ઉતાવળા ઉતાવળા કુંડ પર પધાર્યાં.

"ઊઠો ભક્ત. પ્રભાત થયું."

ભક્ત થોડા સળવળ્યા.

"જુઓ, આંખો ખોલો."

મ્લેચ્છ ભક્ત ધીમેથી બેઠા થાય છે, પરંતુ આંખો ખોલતા નથી.

"અરે, તમે આંખો શાથી નથી ખોલતા? તમને તો..."

"શી..શ...શ.. જૂઓ, એ આ વનમાં ક્યાંક છૂપાયો છે. મળવા આવ્યો હતો પણ ભાગી ગયો... રૂપ-રૂપનો અંબાર છે એ...

મોહન છબિ રસખાનિ લખિ,
અબ દગ અપને નાહીં,
ઐંચે આવત ધનુષસે, છૂટે સર સે જાહીં,
દેખ્યો રૂપ અપાર, મોહન સુંદર શ્યામ કો,
વહ બ્રજરાજકુમાર, હિય જિય નૈનનિમેં બસ્યો."

શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે, આ જીવ પૂરી રીતે ઘાયલ થઈ ચૂક્યો છે. એને શુદ્ધિમાં લાવવા કંઈક ઉપાય કરવો પડશે. કાંટાને કાઢવા કાંટાનો જ ઉપયોગ કરવો પડશે. તરત શ્રીગુસાંઈજીએ દોહાનો જવાબ દોહામાં આપ્યો.

"દ્રગ મૂંદી સાંસ ચઢાય, તુમ બૈઠે ધ્યાન લગાવત,
ધ્યાન કો ભરુંસો કછુનાહીં, જુગમેં આય પલમેં જાવત,
દ્રગ ખોલકે દેખો ચહું ઓર, બ્રજમેં પરમ સુખ ઉપજત,
વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચતુર્ભુજ બિરાજત."

સાંભળતાં જ રસિક ભક્ત રસખાનજીએ આંખો ખોલી દીધી. શ્રીગુસાંઈજીનું તેજોમય મુખારવિંદ નિહાળ્યું. મુખતેજ સહન ન થતાં આંખો બે-ચાર વખત ઉઘાડ-બંધ કરી ચોળવા માંડી. "રાતે જે સુંદર પ્રીય-મહેબૂબના દર્શન કર્યાં હતા એ જ આ લાગે છે. અત્યારે વેષ બદલીને આવ્યા છે અથવા તો એ મહેબૂબની સાથે આ રહેતા હોવા જોઈએ. સમજાતું નથી..."

રસખાનજી શ્રીગુસાંઈજીને ચરણ પડી ગદ્ગદ્ કંઠે વિનવવા લાગ્યા : "ઉપર પેલા મંદિરમાં જે ખૂબસૂરત મહેબૂબ સંતાઈ ગયો છે તે આપનો જ હોય એમ લાગે છે. આપમાં મને એના જ દીદાર થાય છે. આપ મહેરબાની કરી



મને એનો મેળાપ કરાવી આપો... હું આપનો ગુલામ થઈ જઈશ.''

''તમારા એ મહેબૂબે જ મને અહીં મોકલ્યો છે. આખી રાત તેઓ ચિંતામાં એ પોઢી પણ શક્યા નથી. જલ્દીથી કુંડમાં સ્નાન કરી લો અને આ વસ્ત્રો પહેરી લો.''

રસખાનજી કૂદકો મારી કુંડના પગથિયાં ઊતરી ગયા. થોડી ક્ષણોમાં કુંડના પવિત્ર જળથી સ્નાન કરી શુદ્ધ થયેલાં રસખાનજી વૈષ્ણવના વેશમાં શોભતા બહાર આવીને શ્રીગુસાંઈજી સમક્ષ બે હાથ જોડીને ઊભા રહ્યા. શ્રીગુસાંઈજીએ એમને અષ્ટાક્ષર મંત્રનું દાન કરી ગળામાં કંઠી પહેરાવી દીધી. પછી હાથ પકડીને ઉપર મંદિરમાં લઈ ગયા. ત્યાં શ્રીનાથજીના દર્શન કરાવ્યા. દર્શન કરતાંવેંત રસખાનજીના સર્વ મનોરથ પૂર્ણ થઈ ગયા અને આંખમાંથી અશ્રુની ધારા વહી નીકળી.

## ૨૪. યહ છબિ ફિર ન બને

શ્રીઠાકોરજીની ઇચ્છા જોઈ શ્રીગુસાંઈજીએ બાર મહિને એક લાખ મુદ્રાનો ખર્ચ થાય એ રીતે સેવાના પ્રકારને ખૂબ ફેલાવ્યો. પરંતુ જે દિવસે તે મંડાણનું મુહૂર્ત કર્યું તે જ દિવસે રાજભોગ આરતી પછી શ્રીગુસાંઈજી ભોજન કરવા મંડાણમાં પધાર્યાં. આપના પહેલાં જ કોળિયામાં શાકમાં ઘાસનું તણખલું આવ્યું. એટલે શ્રીગુસાંઈજી તરત જ ભોજન કર્યાં વિના ઊઠી ગયા. આપને અત્યંત ક્ષોભ થયો કે, ''હાય, આટલો મોટો વૈભવ વધાર્યો પરંતુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન ન થયું. કોમલ પ્રભુના શ્રીમુખમાં આ ઘાસનું તણખલું આવ્યું ?'' તરત આપે એક નિર્ણય કર્યો.

શ્રીગુસાંઈજીએ મોટા પુત્ર શ્રીગિરિધરજીને ગેરૂમાં કોપીન વસ્ત્ર રંગી લાવવાની આજ્ઞા કરી. શ્રીગિરિધરજી પિતાજીની સંન્યાસ લેવાની ઇચ્છાને પામી ગયા. આજ્ઞા પ્રમાણે તેઓ વસ્ત્ર રંગવા બેઠાં. એટલામાં સેવ્ય સ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજી ઠાકોરજી ત્યાં પધાર્યાં અને પોતાની ઝગુલીને (ટોપીને) ગેરૂમાં નાખી તેને રંગીને સૂકવવાની આજ્ઞા કરી. શ્રીગિરિધરજી તો અવાક્ રહી ગયા. બંને આજ્ઞાનું પાલન કરતાં તેઓનું હૈયું ભરાઈ આવ્યું.

થોડીવારમાં રામદાસ મુખિયાજી ત્યાં આવી પહોંચ્યા અને એમણે શ્રીગિરિધરજીને કલ્પાંત કરતાં દીઠાં. એમણે આશ્વાસન આપીને શ્રીગિરિધરજીને શાંત કર્યાં અને પોતે શ્રીગુસાંઈજી પાસે જઈ શ્રીનાથજીની સેવાનો પ્રબંધ કરી જવાનું કહી રડી પડ્યા. રામદાસજીની આ અવસ્થા જોઈ ભક્તવત્સલ શ્રીગુસાંઈજી દ્રવિત હૃદયે વિચાર કરવા લાગ્યા. એટલામાં શ્રીગિરિધરજી પણ ત્યાં પધાર્યાં અને શ્રીનવનીતપ્રિયાજીની આજ્ઞાની વાત કરી. આમ એક પછી એક હૃદયને દ્રવીભૂત કરે એવા બનાવોને બનતાં જોઈ પરમકૃપાળુ શ્રીગુસાંઈજીએ સંન્યાસ લેવાના વિચારનો તત્પૂરતો ત્યાગ કર્યો અને સૌને શાંત પાડ્યા.

આ વાતને કેટલોક સમય પસાર થયા પછી શ્રીગુસાંઈજીએ ભગવદ્ ઇચ્છાને જાણી પોતાના ગોલોક પ્રયાણની ફરીથી તૈયારી કરવા માંડી. વિ.સં. ૧૬૪૨ ના મહા વદ-૭ ને દિવસે આપે સર્વ પુત્ર-પૌત્રાદિ પરિવારને બોલાવી રાજભોગ સમયે શ્રીનાથજીની સન્મુખ ઊભા રાખ્યા અને શ્રીગિરિધરજીને આગળ કરી શ્રીનાથજી પાસે તેમનો હાથ પકડાવ્યો. ત્યારપછી આપે ગદ્ગદ્ કંઠે દૈન્યપૂર્વક શ્રીનાથજીને વિનંતી કરી કે, 'આ વંશ આપનો જ છે - તેની લાજ રાખવી પણ આપને જ હસ્ત છે.'

શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીની એ પ્રાર્થનાને સ્વીકારી અને 'આ વંશ મારો જ છે, હું તેમનો કદી ત્યાગ નહીં કરું' એમ અભય વચન આપ્યું. એટલે શ્રીગુસાંઈજીએ સર્વ પરિવારને સંબોધીને આજ્ઞા કરી : ''શ્રીનાથજી આપણાં સર્વસ્વ છે. આથી એ સૂર્યની સામે કદી પીઠ ન કરતા (વિમુખ ન થતાં) અને શ્રીમહાપ્રભુજીની મેંડમાં (પ્રણાલીમાં) કંઈપણ ન્યૂનતા ન થાય તેમ વર્તજો.''

આ પ્રમાણે ઉપદેશ આપ્યા પછી શ્રીગુસાંઈજીએ સર્વ બાળકોને શ્રીગિરિધરજીની આજ્ઞામાં રહેવાનું કહી શ્રીગોકુલનાથજીને પોતાના શ્રીકંઠની માળા આપી. સર્વ બાળકોને પોતપોતાના ગૃહના સ્વામી કર્યાં. ત્યારપછી શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને પણ એક આજ્ઞા મિશ્રિ વિનંતી કરી : ''બાબા, આજ સુધી તો શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ છે એટલે આપ સર્વ ભક્તો સાથે હસી-બોલીને રહો છો. પરંતુ આગળ જતા મિશ્રિત પુષ્ટિ સૃષ્ટિ રહેશે અને આપના પ્રત્યે

આજે જે પ્રકારની ભાવના છે તે પ્રકારની ભાવના કદાચ નહીં રહે. - આપની મર્યાદા નહીં જળવાય... લૌકિક-ભૌતિક માગણીઓની પ્રાર્થના વધી જશે... માટે આજ પછીથી સૌની સાથે આપનું હસવા-બોલવા-ખેલવાનું બંધ.''

''ભલે, કાકાજી ! આજથી આપની ઇચ્છા પ્રમાણે હું કોઈની સાથે હસીશ, બોલીશ કે ખેલીશ નહીં... ફક્ત ભક્તોની સેવાનો અંગિકાર કરીશ અને મૌન રહીને અનુગ્રહ કરતો રહીશ.''

શ્રીગુસાંઈજીએ હવે હળવાશ અનુભવી. શ્રીગોકુલનાથજી તેમજ અન્ય બાળકોને પાછા ગોકુળ મોકલાવી દીધા. સાંજે શ્રીગિરિધરજી તથા ગોવિંદ સ્વામીની સાથે શ્રીનાથજીની શયન આરતી કરી. પછી નીચે પધારી શ્રીગિરિરાજજીના મુખારવિંદની શીલા ખસેડી. વાત વાયુ વેગે ફેલાઈ. જોતજોતામાં ભક્તજનોની ભીડ જામી ગઈ. સૌને આશીર્વાદ આપી શ્રીગુસાંઈજી શ્રીગિરિધરજી અને ગોવિંદ સ્વામીને લઈને શ્રીગિરિરાજજીની કંદરામાં પધાર્યાં. નિકુંજદ્વાર આવતાં શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીને ઊભા રાખી આજ્ઞા કરી : ''ગોવર્ધન, તમારે હજુ વાર છે. અમારો આ ઉપરણો રાખો અને તેનો બધો અંતિમ સંસ્કાર કરજો.'' આમ આજ્ઞા કરી શ્રીગિરિધરજીને પાછા મોકલ્યા.

''ગોવિંદદાસ, ચાલો હવે શ્રીહરિની નિત્યલીલામાં જઈએ. ત્યાં નિકુંજનાયક શ્રીનાથજી આપણી રાહ જોઈ રહ્યા છે.'' શ્રીગુસાંઈજીએ ગોવિંદ સ્વામીનો હાથ પકડી નિકુંજદ્વારથી અંદર નિકુંજના માર્ગે સદેહે પધારી ગયા. તરત શ્રીગિરિધરજી પાછા વળીને શ્રીગુસાંઈજી પાસે પહોંચવા દોડ્યા. પણ ત્યાં તો કંદરાના દ્વાર બીડાઈ ગયા. આ સમયે શ્રીગિરિધરજીને અસહ્ય દુઃખ થયું. પિતૃચરણના ઉપરણાંને છાતી સરસો ચાંપીને ધ્રૂસરે ધ્રૂસકે રડી પડ્યા.

શ્રીનાથજીથી શ્રીગિરિધરજીનો આ વિલાપ સહ્યો ન ગયો. તરત ત્યાં દ્વાર પાસે શ્રીનાથજી પ્રકટ થયા અને શ્રીગિરિધરજીને સાંત્વન આપી આજ્ઞા કરી : ''ગોવર્ધન, દાદાજીએ આજ્ઞા કર્યાં મુજબ એમના ઉપરણાંના અંતિમ સંસ્કારનો પ્રબંધ કરો.'' શ્રીગિરિધરજી કલેશયુક્ત વદને કંદરામાંથી બહાર શીલા પાસે પધાર્યાં. સૌએ 'શ્રીગુસાંઈજી ક્યાં છે'' એમ પૂછવા માંડ્યું, પણ શૂન્યમનસ્ક અને નતમસ્તક શ્રીગિરિધરજી પાસેથી કંઈ ઉત્તર ન મળ્યો. શ્રીગિરિધરજીએ શીલાને ફરીથી કંદરાના મુખ પર ઢાંકી દીધી. તરત ડૂસકાંનો ધ્વનિ વધી પડ્યો. વાતને ફેલાતાં વાર ન લાગી. છીતસ્વામી અને ચતુર્ભુજદાસ શ્રીગુસાંઈજીના વિરહના તાપથી મૂર્છિત થઈ ગયા. એમના એ તાપને ભક્તાધીન શ્રીગુસાંઈજી સહી ન શક્યા. એટલે આપે તે બંને સખાઓને દર્શન આપી શાંત કર્યાં. પરંતુ બંનેએ આપના વિરહના પદો ગાઈને તરત જ દેહ છોડી દીધા અને નિકુંજમાં જઈ પહોંચ્યા. બહાર શ્રીગિરિધરજીએ ભગવદ્ આજ્ઞા અનુસાર શ્રીગુસાંઈજીના ઉપરણાંને સર્વ સંસ્કાર કર્યાં અને દરેકને સાંત્વન આપ્યું. હાજર રહેલા વૈષ્ણવોએ છીતસ્વામી તથા ચતુર્ભુજદાસના દેહનાં અંતિમ સંસ્કાર કર્યાં અને એ સાથે ભક્તિયુગના બીજા અધ્યાયનું સમાપન થયું. પહેલો અધ્યાય શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહલીલા સાથે સમાપ્ત થયો હતો.

**સંપૂર્ણ**

## મહિલા મંડળના પ્રમુખ શ્રી સુધાબેનના માર્ગદર્શન હેઠળ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું

**લતાબેન સોલંકી (ભુજ)**

શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા પુરુષોત્તમ માસ નિમિત્તે ભક્તિભાવ પૂર્વક અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિની બહેનો દ્વારા અન્નકૂટ માટે જુદી જુદી સામગ્રી તૈયાર કરીને લાવવામાં આવી હતી.

ભાજીના શાકથી લઇ બાજરાનો રોટલો અને માખણ મિસરી સાથે અનેક અવનવી સાત્વિક અને સ્વાદિષ્ટ વ્યંજનો ઠાકોરજીને ધરાવવામાં આવ્યા હતા. મહિલા મંડળની કારોબારીની ટીમે અરુણાબેન, ભાવનાબેન ચનાણી, ભાવનાબેન બારમેડા, ભાવનાબેન બુદ્ધભટ્ટી, લતાબેન, રાજેશ્રીબેન, નીલાબેન, ખુશાલીબેન, શીતલબેને વ્યવસ્થા સંભાળી હતી. જ્ઞાતિજનોએ દર્શનનો લહાવો લીધો હતો. ઠાકોરજીના આરતીના દર્શન પછી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ

લતાબેન સોલંકી (ભુજ)

## નવરાત્રીની ઉજવણી

નવરાત્રી એટલે આદ્યશક્તિની આરાધના અને ભક્તિનું પર્વ શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા નવરાત્રી મહોત્સવ 2023 પ્રમુખશ્રી સુધાબેન બુધભટ્ટીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી પ્રાચીન પરંપરા અનુસાર પ્રાચીન અને અર્વાચીન ગરબાઓની રમઝટ સુર સંગીત અને તાલીઓના તાલે ગરબે ઘૂમતી સખીયો સંગાથે ગરબા રમાડવામાં આવ્યા.

રોહિનીબેન બુધભટ્ટી, અરુણાબેન બુધભટ્ટી, ભાવનાબેન બુધભટ્ટીએ ચેર પર્સનની સેવાઓ આપી હતી એમના માર્ગદર્શન હેઠળ સમગ્ર મહિલા મંડળની ટીમે કાર્યક્રમને એક નવી જ ઊંચાઈએ લઈ જઈ જ્ઞાતિજનોના દિલ જીતી લીધા હતા. આ વખતનું વિશેષ આકર્ષણ આપણા સમાજની બે બહેનોને દરરોજ સ્ટેજ પર આમંત્રિત કરી વિજેતાઓને તેમના હસ્તે પણ પારીતોષિક આપવામાં આવ્યા હતા. અનિતાબેન ગુજરાતી, ઇલાબેન ચનાણી, મંજુલાબેન સોલંકી, ઉર્મિલાબેન છત્રાળા, તરુણાબેન ગુજરાતી, ઉર્મિલાબેન બારમેડા, નીલાબેન પોમલ, ભાવનાબેન ચનાણી, તારાબેન બગા, જેષ્ઠાબેન બારમેડા, પ્રભાબેન કટ્ટા, કલ્પનાબેન બુધભટ્ટી, પ્રભાબેન બુધભટ્ટી, કંચનબેન બુધભટ્ટી, બીનાબેન કંસારા, કેતકીબેન (ગોરાણી)ની ઉપસ્થિતિથી મહિલા મંડળના ઉત્સાહમાં વધારો થયો.



નવરાત્રી દરમિયાન જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગરબા શણગાર, આરતી શણગાર અને માતાજીના સ્વરૂપની સ્પર્ધા રાખવામાં આવી હતી. ગરબા અને આરતી શણગારમાં બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. ગરબા અને આરતી શણગારમાં પૂજાબેન ઘેલાણી અને વિદ્યાબેન ઠક્કરે જજ તરીકે સેવાઓ આપી હતી.

માતાજી સ્વરૂપની સ્પર્ધા એ પણ વાતાવરણ ભક્તિમય કર્યું હતું. ઝીરોથી લઈને નવ વર્ષ સુધીની બાલિકાઓએ જુદા જુદા માતાજીના સ્વરૂપમાં જ્ઞાતિજનોના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. કમલબેન જોશી અને કુસુમબેન માણેકે આ સ્પર્ધાના જજ તરીકે સેવાઓ આપી હતી. મહિલા મંડળ, જ્ઞાતિજનો અને જજ તરફથી પણ બાલિકાઓને ભેટ આપવામાં આવી હતી. નવરાત્રિના નવે નવ દિવસ કોમ્પિટિશન રાઉન્ડમાં વિજેતા ચાર બાળકો, બે બહેનો અને એક સિનિયર સિટીઝનને આમંત્રિત મહેમાનો અને પ્રમુખશ્રી સુધાબેન તેમજ મહિલા મંડળ ના સભ્યોના હસ્તે ઇનામ આપવામાં આવ્યા હતા.

નવરાત્રિના મહોત્સવ દરમિયાન ગુજરાત રાજ્ય વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડોક્ટર નીમાબેન આચાર્ય, ભુજ નગરપાલિકાના પ્રમુખશ્રી રશ્મિબેન સોલંકી, જ્ઞાતિના

ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા, યુવક મંડળના પ્રમુખ શ્રી સમીરભાઈ છત્રાળા અને ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ શ્રી ગોદાવરીબેન ઠક્કર મહિલાના આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સાલ અને પુષ્પગુચ્છ વડે સન્માન કરવામાં આવ્યું હતું.

નીમાબેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે વર્ષોથી શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ પારંપરિક રીતે નવરાત્રી મહોત્સવ ઉજવે છે તે ખૂબ જ આનંદની વાત છે સાથે સાથે તેમને મહિલા મંડળને અભિનંદન પાઠવ્યા હતા અને દર વર્ષે પારંપરિક રીતે જ મહોત્સવ ઉજવાય એવી ભાવના વ્યક્ત કરી હતી.

રશ્મિબેન સોલંકી એ આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું આપના મહિલા મંડળની પરંપરાગત નવરાત્રી ભારતીય સંસ્કૃતિનું જતન કરી રહી છે ગોદાવરીબેન ઠક્કરે મહિલા મંડળના ટીમવર્કને બિરદાવ્યુ હતું. જ્ઞાતિ પ્રમુખ હિતેશભાઈ ગુજરાતીએ શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપપ્રમુખશ્રી અનિલભાઈ છત્રાળા, યુવક મંડળના પ્રમુખ શ્રી સમીરભાઈની વીશેષ ઉપસ્થિતિથી મહિલા મંડળનો ઉત્સાહ બેવડાયો હતો.

**આરતી શણગાર વિજેતાના નામ:** પૂનમ મયુર ચૌહાણ, જયશ્રીબેન ભૂપેશ પરમાર, નેન્શી મંથન પરમાર

**ગરબા શણગાર વિજેતાના નામ:** ડિમ્પલ રવિ બારમેડા, ચાર્મી કરણ બુધભટ્ટી

**માતાજી સ્વરૂપના વિજેતા:** હીર રાજ સોલંકી, પિયુષા ધર્મેશ, પ્રિય શ્રી હિતેન સોલંકી

**દરરોજના જજ તરીકે સેવાઓ આપનાર બહેનોના નામ:** ઇન્દિરા સોલંકી, નીલા પોમલ, ભાવના ચણાની, ભાવિની પરમાર, માલતી ગુજરાતી, જયશ્રી બુધભટ્ટી, ભાવના બારમેળા, ભાવના બુધભટ્ટી, કીમ કંસારા, રાજેશ્રી બુધભટ્ટી, લતા સોલંકી, પ્રીતિ બગા, રીટા બુધભટ્ટી, રીના બુધભટ્ટી, શીતલ બુધભટ્ટી અને ખુશાલી બુધભટ્ટીએ જજ તરીકે સેવાઓ આપી હતી

**દરરોજના વિજેતા બાળકો, બહેનો અને સિનિયર સિટીઝનના નામ:**

**વેલ ડ્રેસ બોય:** માન ભાવેશ પોમલ, કૃષિવ વી. મયચા, આયરન જી. બુદ્ધભટ્ટી, શિવાય ચૌહાણ, ગુંજ પી. હેડાઉ, પરમ એ. બુધભટ્ટી

**વેલ ડ્રેસ ગર્લ:** બંસી જય છત્રાળા, તન્વી બુદ્ધભટ્ટી, વિદ્યા ચૌહાણ, માહી વી. બુદ્ધભટ્ટી, હીર રાજ સોલંકી, સાક્ષી પાર્થ પોમલ,

**વેલ પ્લેયર બોય:** તીર્થ કૌશિક બુધભટ્ટી, હર્ષિલ એલ. પોમલ, નિત્ય બુદ્ધભટ્ટી, મંત્ર એમ. બારમેડા, વંશ કે. બુધભટ્ટી, નૈતિક સોલંકી, મંત્ર બુદ્ધભટ્ટી

**વેલ પ્લેયર ગર્લ:** વર્ધા કિરીટ બારમેડા, સાકરીયા નવ્યા એચ., જેની વી. છત્રાળા, ભાવિ કે. બિજલાની, ક્રિષા બી. પોમલ, રાશિ શી. બુધભટ્ટી, પીહુ જી. બુધભટ્ટી, શ્લોકા એચ. બુધભટ્ટી,

**વેલ ડ્રેસ બહેનો:** સપના રાજેશ બુધભટ્ટી, કિંજલ પી. પોમલ, આરતી કે. પોમલ, માલતી એ. ચનાણી, જિજ્ઞા એન. બુધભટ્ટી, શિલ્પા બુદ્ધિભટ્ટી, મીરા એન. બુધભટ્ટી, કોમલ પી. કટ્ટા

**વેલ પ્લેયર બહેનો:** જુહી બીપીન પોમલ, પૂનમ એમ. બુધભટ્ટી, ભક્તિ ભાવેશ પોમલ, રિંકલ એસ. પોમલ, પ્રિયંકા આર. પોમલ, જુલી એમ. ચનાણી, રશ્મીના એન. પોમલ, રાધિકા બી. ચૌહાણ

**સિનિયર સિટીઝન બહેનો:** ઉર્મિલાબેન જી. બારમેળા, સરોજ કે. પોમલ, કંચન પી. બુધભટ્ટી, હર્ષા એમ. બુધ્ધભટ્ટી, ભગવતી કે. કોમલ, પ્રભા જે. કટ્ટા, ત્રિવેણી આઇ. સોલંકી,

મ્યુઝિકલ સેવા આપનાર તરુણ બીજલાની અને કિશોરભાઈ વ્યાસ અને ભક્તિ ભાવપૂર્વકના ગરબામાં સુર સુધાબેનને આપ્યા હતા. સમસ્ત કારોબારીની બહેનોની ખૂબજ મહેનત થકી નવરાત્રિનું આયોજન સુપર ડુપર સફળ રહ્યું હતું જ્ઞાતિની બહેનોએ ઉત્સાહ, આનંદપૂર્વક અને ભાવભક્તિથી ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. લતા સોલંકીએ સંચાલન સંભાળ્યું હતું, આભાર વિધિ જયશ્રીબેન છત્રાળા એ કરી હતી.

# મારુ કંસારા સોની યુવક મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ-૨૦૨૩

**રાજ જે. બારમેડા - સહમંત્રી (ભુજ)**




શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ ભુજ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ તા ૧૫/૧૦/૨૦૨૩ થી તા ૨૪/૧૦/૨૦૨૩ દરમ્યાન યોજાયેલ જેમા અમારી જ્ઞાતિના યુવક મંડળ દ્વારા ફક્ત જ્ઞાતિજનો માટે નવરાત્રીનું આયોજન જે.પી.પાર્ટી પ્લોટ એચ.પી.પેટ્રોલ પંપ સામે મીરઝાપર હાઈવે ભુજ મધ્યે કરવામાં આવેલ હતુ. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ પ્રેરિત અને શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ આયોજીત ફક્ત જ્ઞાતીજનો માટે નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ નવરાત્રી દરમ્યાન રાત્રીના ૯.૩૦ વાગ્યાથી જ્ઞાતીના બાળકો, યુવક-યુવતીઓ, વડીલો સૌ સાથે મળીને રાસ ગરબાનો આંનદ માણી શકે તે હેતુથી ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ. જેમા ચિલ્ડ્રન રાઉન્ડ, ફ્રી-સ્ટાઈલ ગરબા રાઉન્ડ, કપલ રાઉન્ડ(કોઈપણ જોડી) રાસ-ગરબા રાઉન્ડ, વિગેરે વિવિધ કોમ્પીટીશન રાઉન્ડ રમાડવામાં આવતા હતા.

નવરાત્રી મહોત્સવ-૨૦૨૩ મેગા ફાઈનલ રાઉન્ડ તા ૨૪/૧૦/૨૦૨૩ દશેરાના દિવસે યોજાયેલ હતો, મેગા ફાઈનલ રાઉન્ડમાં ૨૫૦ થી વધારે ખેલૈયાઓ ક્વોલીફાઈડ થયા હતા. જેમા બાળકો માથી ચિલ્ડ્રન રાઉન્ડ માંથી કુલ ૦૫ વિજેતાઓને સન્માનીત કરવામાં આવ્યા તેમજ મોટા ખેલૈયાઓ માથી ચેમ્પિયન પ્રિન્સ પ્રકાશભાઈ ગુજરાતી, ફર્સ્ટ રનર્સઅપ વૈભવી સંજયભાઈ મેચા, સેકન્ડ રનર્સઅપ રિધ્ધી અભિષેક ગુજરાતી એમ કુલ ૧૦ વિજેતાઓને મેઘા પ્રાઈઝ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ને સફળ બનાવવા અનેક દાતાશ્રીઓ તરફફથી દાન મળ્યુ હતુ ત્યારબાદ જ્ઞાતી પ્રમુખશ્રી હિતેશભાઈ ગુજરાતીએ યુવક મંડળની કામગીરીને બીરદાવી હતી, તેમજ ભવિષ્યમાં આવા અનેક ભવ્ય આયોજનો પાર પાડવાના છે,એવી ઈચ્છા વ્યકત કરી હતી.

નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ના કન્વીનરશ્રી અનિલભાઈ કે છત્રાળા નવરાત્રી મહોત્વસવના સફળ આયોજન માટે જ્ઞાતિ યુવક મંડળના હોદેદારો તથા સર્વે સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. આમંત્રણને માન આપી પધારેલ કચ્છ- મોરબીના આપણા સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા અને કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખશ્રી દેવજીભાઈ વરચંદ, કચ્છ જિલ્લા ભાજપ સંગઠન માંથી જયદિપસિંહ જાડેજા, જયેશભાઈ ઠક્કર, ઘનશ્યામભાઈ સી ઠક્કર, વંદનાબેન તથા શ્રી ભુજ નગરપાલીકાના પ્રમુખશ્રી રશ્મિબેન સોંલકી કાઉનિલર મનિષાબેન સોંલકી, ધર્મેશભાઈ ગોર, કશ્યપભાઈ ગોર, કમલ ગઢવી તેમજ વિવિધ શાખાઓના ડા ચેરમેનશ્રીઓની ટીમએ હાજરી આપી પોતાના અભિપ્રાયમાં કહ્યુ હતુ કે આજકાલ પ્રોફેશનલ નવરાત્રીના આયોજન સામે સમાજ દ્વારા થતા નવરાત્રીના આયોજન પ્રંશસાને પાત્ર છે તેવી ભાવના વ્યક્ત કરેલ હતી. તથા જ્ઞાતીના વડીલશ્રી ચંદ્રકાંતભાઈ ચનાણીએ નવરાત્રીના અંગે પોતાના અભિપ્રાયમાં આવા આયોજનોથી સમાજના નવ-યુવાનો સમાજ સાથે કાયમ




જોડાયેલા રહે અને હંમેશા નવી-નવી કાર્યશૈલી અપનાવી સમાજને નવી દિશા તરફ સતત પ્રગતી કરતા રહે તેવું દિશા નિર્દેશન વ્યકત કરેલ હતું.

નવરાત્રી મહોત્વસવ ૨૦૨૩માં ધ્રુવ સોની એન્ડ

બેન્ડના ધ્રુવભાઈ સોની દ્વારા ખુબજ આહલાદક સંગીતમય પરફોમન્સ આપવામાં આવ્યુ હતુ. જેમા જ્ઞાતીના તમામ ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમતા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા યુવક મંડળ પ્રમુખશ્રી સમિરભાઈ એ છત્રાળા, કન્વિનરશ્રી અનિલભાઈ કે છત્રાળા, મંત્રીશ્રી સચિન મોહનલાલ બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ શ્રી કવિતા બી.બારમેડા, રાહુલ એ સોંલકી, સહમંત્રી શ્રી રાજ જ્યંતીલાલ બારમેડા તથા આશના ધીરજભાઈ બારમેડા ખજનાચી શ્રી જીત જ્યેશભાઈ હેડાઉ તથા ભાવીક દિલીપભાઈ પોમલ તથા કાર્યક્રમનું સ્ટેજ સંચાલન સહ ખજાનચી રૂપબેન એન ચનાણી,ભક્તિ સુરેશભાઈ બિજલાણી,ઝીલ જીગરભાઈ બુધ્ધભટ્ટી,કવિતા બી બારમેડા,સુરેશ બિજલાણી અને ભાવેશ પોમલએ સંભાળેલ હતુ,સાથે કુલ ૮૫(પંચ્યાસી) કારોબારી સભ્યોની ટીમ દ્વારા નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ને સફળ બનાવવા માટે ખુબજ ઉત્સાહ અને ઉંમગથી સહભાગી થયેલ હતા. જે મારૂ કંસારા સોની યુવક મંડળના સહમંત્રી શ્રી રાજ જંયતીલાલ બારમેડાની યાદીમાં જણાવવામાં આવ્યુ છે. ઉપરોક્ત અહેવાલને આપના દૈનિક અંકમાં પ્રસિધ્ધ કરી અમોને આભારી કરશોજી.

---

# શ્રદ્ધાંજલિ







## સ્વ. પ્રફુલ્લભાઈ કંસારા

**અવસાન તારીખઃ ૨૬-૦૧-૨૦૨૪**

આપણા સમાજના કર્તવ્યનિષ્ઠ યુવા કાર્યકર સ્વ. પ્રફુલ્લભાઈ કંસારાના દુઃખદ અવસાનથી અમદાવાદ જ્ઞાતિ ઘેરા શોકની લાગણી અનુભવે છે. સ્વ. પ્રફુલ્લભાઈ અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિત જ્ઞાતિસેતુના પાયાના સહયોગી રહેલ. સમાજના યુવા વર્ગનું નેતૃત્વ કરી તેમણે અનેક સામાજિક કર્યો સફળતા પૂર્વક પાર પાડેલ છે. તેમના અવસાનથી માત્ર નખત્રાણા સમાજ જ નહીં સમસ્ત મારુ કંસારા સોની સમાજને ન પુરાય તેવી ખોટ પડેલ છે. જ્ઞાતિસેતુ પરિવાર તથા અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેમજ તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાથના કરે છે.

**મનુભાઈ કોટડીયા**
**ચેરમેન જ્ઞાતિસેતુ**

**અતુલ સોની**
**પ્રમુખ**

**શ્રી કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ મંડળ, અમદાવાદ**

# ભુજ ખાતે રામ જન્મ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

**રોહિણી બી. બુદ્ધભટ્ટી – સહમંત્રી (ભુજ)**

શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ, ભુજ દ્વારા 'રામ જન્મ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'ની ઉજવણી ભુજ ખાતે ખૂબ ધામધૂમથી કરવામાં આવી હતી. બાળકોથી લઇ બહેનો સુધી તેમજ ભાઈઓ પણ તેમાં જોડાયા હતા. ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં 'મા કાલિકા માતાજી'ના મંદિરના પ્રાંગણમાં કરાઓકે પર શ્રી રામજી પ્રાગટ્યના ગીતોનું ગાયન જ્ઞાતિની જ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખશ્રી મહિલા મંડળ સુધાબેન બુદ્ધભટ્ટી, જુલીબેન સોની, રૂપ ચનાણી, તન્વી પી. પોમલ, કોકિલા એસ. પોમલ, જીજ્ઞાબેન સાકરીયા એ ભક્તિ સંગીત પીરસ્યું હતું. જે કાર્યક્રમ લગભગ 3 કલાક સુધી ચાલ્યું હતું. સાંજે દીપ પ્રાગટ્ય સાથે મંદિર પ્રાંગણમાં જ સ્પર્ધાનો આયોજન કરવામાં આવ્યું હતું.





ત્યારબાદ સાંજે 4 થી 8 જ્ઞાતિનાં જ બાળકો 5થી 8 વર્ષ તેમજ 9 થી 12 વર્ષ એમ બે ગ્રુપમાં વિવિધ વેશભૂષાઓની સ્પર્ધા જે રામાયણના પાત્રોને લગતી હતી તેમાં જોશભેર ભાગ લીધો હતો. લગભગ 50 જેટલા બાળકોએ તેમાં વિવિધ રૂપો જેવા કે રામ, લક્ષ્મણ, સીતા, જટાયુ, કૈકેય, મંથરા, સબરી, રાણી મંદોદરી વગેરે જેવા પાત્ર ભજવ્યા હતા.

જેમાં વિજેતાઓના નામ આ મુજબ છેઃ **5થી 8 વર્ષઃ પ્રથમઃ** ક્રિષ્ના કોમલ (સીતા), **દ્વિતીયઃ** જેની (મંથરા), **તૃતીયઃ** હીર (સીતા) અને **9 થી 12 વર્ષઃ પ્રથમઃ** પરમ બુદ્ધભટ્ટી (રામ), **દ્વિતીયઃ** પ્રત્યુશ પ્રદૂષણ છાત્રાળા (સબરી), **તૃતીયઃ** દિયા કોમલ (સબરી) રહ્યા હતાં.

કાર્યક્રમમાં વિજેતાઓને મહિલા મંડળ તરફથી પારિતોષિક આપવામાં આવ્યા હતા. નિર્ણાયકો તરીકે જ્ઞાતિનાજ વિશે ભાઈશ્રી અશોકભાઈ પોમલ તેમજ ડિમ્પલબેન રવિભાઈ બારમેડાએ સેવા આપી હતી. જેમનું જ્ઞાતિ મહિલા મંડળના પ્રમુખશ્રી સુધાબેન બુદ્ધભટ્ટી તેમજ મંત્રી શ્રીમતી લતાબેન સોલંકીએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેમનું સ્વાગત જ્ઞાતિ પ્રમુખશ્રી હિતેશભાઈ ગુજરાતીએ શાલ ઓઢાડીને કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં તેમણે મહિલા મંડળની પ્રવૃત્તિને બિરદાવી હતી, તેમજ સમાજના કોઈપણ કાર્ય માટે તત્પરતા બતાવી હતી. દરેક બાળકોને ઈનામો ઉપરાંત આશ્વાસન ઈનામો દરેક બાળકોને આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ રામાયણ ગ્રંથમાંથી જ વિવિધ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રોહિણીબેન બી. બુદ્ધભટ્ટી તરફથી રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં સમાજની બહેનોએ ઉમંગભેર જવાબો આપ્યા હતા. દરેક સાચા જવાબ આપનાર બહેનોને લતાબેન સોલંકી તરફથી ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતા.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળની સમગ્ર કારોબારી સભ્યો જયશ્રીબેન છત્રાળા, શીતલબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન ચનાણી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન બારમેડા (ચેરપર્સન), રોહિણીબેન બુદ્ધભટ્ટી (ચેરપર્સન), નીલાબેન પોમલ, જયશ્રીબેન બુદ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, કિમબેન છત્રાળા, રીટાબેન બુદ્ધભટ્ટી, ઇન્દિરાબેન સોલંકી, ભવિનીબેન પરમાર, રાજશ્રીબેન બુદ્ધભટ્ટી અને રીનાબેન બુદ્ધભટ્ટી એ જહેમત ઉઠાવી હતી.

જ્ઞાતિ સમાચાર

## મારુ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - માધાપર

સુલોચનાબેન પરમાર - માધાપર

# રૂમઝૂમ કરતી નવલી નવરાત્રી

રૂમઝૂમ કરતી નવલી નવરાત્રી દર સાલ આવે છે પરંતુ આ સાલની નવરાત્રી માધાપર સમાજની બહેનો અને નાની બાળાઓ માટે કઈક અલગ અંદાજ અને પ્રભાવ સાથે આવી હતી. માધાપર સમાજના નવા બનેલ સુંદર વિશાળ સંકલનમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રગતિબહેનના નેતૃત્વ હેઠળ અને મંડળના કારોબારીની બહેનોની જહેમત થી રાસગરબાની રમઝટનો આયોજન સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

નવરાત્રી દરમ્યાન નવ દિવસના લક્કી ડ્રોના સુંદર ઈનામ અને પ્રસાદીનું વિતરણ નીચે મુજબના ઉદાર દાતાશ્રી તરફથી કરવામાં આવ્યું હતું. સર્વશ્રી પ્રકાશભાઈ શાંતિલાલભાઈ બારમેડા, બિપિનભાઈ મનસુખભાઈ પરમાર, હસમુખભાઇ બાબુલાલભાઈ બુદ્ધભટ્ટી, નિલેશભાઈ જગદીશભાઈ બારમેડા, સુનીલભાઈ હસમુખભાઇ કટ્ટા, હસમુખભાઈ કેવલલાલ મૈચા, વિજયભાઇ રમણિકભાઈ બુદ્ધભટ્ટી, જીતેશભાઈ કાંતિલાલ બુદ્ધભટ્ટી, પોપટભાઈ મેઘજીભાઈ બગ્ગા,

આ ઉપરાંત દસમા દિવસે સમજવાડીમાં કુમારિકા અને બટુકનું ભોજનનું આયોજન દાતાશ્રી સ્વાતિબહેન દિલીપભાઇ કટ્ટા તરફથી કરવામાં આવ્યું હતું. સર્વે કુમારીકાને શ્રીમતી હીનબહેન પરમાર તરફથી સુંદર ભેટ મળી હતી. અને ભદ્રબેન બુદ્ધભટ્ટી તરફથી બધીજ કુમારીકા અને બટુકોને સુંદર સોગાદ મળી હતી. આટલો સારો લ્હાવો મળવથી બધાજ બાળકોના ચહેરા ઉપરનો આનંદ જોવા જેવો હતો. આ ઉપરાંત મહિલા મંડળ તરફથી પણ બાળકોને સુંદર નજરાણું ધરવામાં આવ્યું હતું. બાળકોના ચહેરાની ખુશીમાં તેમનામાં ભગવાનના દર્શન થાય. કારોબારીની જે બહેનોએ નવરાત્રિના પર્વને સજાવવામાં સખત મહેનત કરી હતી તેમનું સાંજની



મહિલાઓએ તેમજ અનસુયાબેન સોલંકીએ નજરાણું ધરી તેમના કાર્યને પ્રોત્સાહિત કર્યું હતું. મહિલા મંડળ તરફથી સમાજની વાડીમાં શરદ પૂનમની રાત્રે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સર્વે જ્ઞાતિજાણો એ લાભ લીધો હતો. સમાજના શરદ પૂર્ણિમાના કાયમી દાતાશ્રી છેટાંભાઈ જગદીશભાઈ ચૌહાણ તરફથી દૂધપૌંઆનો પ્રોગ્રામ રાખ્યો હતો. ધન્ય છે આવા મહાન દાતાઓને આટલી સારી ભાવનાને લીધેજ સમાજમાં બધા તહેવારો સરસ રીતે ઉજવી શકે છે.

માધાપરના વિશાળ હોલમાં પૂર્ણિમાની રાત્રે રસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ પિતા-પુત્રીના નવા થીમ સાથે રસ-ગરબને મહાલવાનો એક અનેરો આનંદ હતો. આ ઉપરાંત પોતાના પિતાના પ્રેમ, લાગણી, સાથ-સહકારને કુમારી મૈત્રી બુદ્ધભટ્ટી અને કુમારી આરચી કોવાડિયાએ ખુબજ સરસ વક્તવ્ય દ્વારા રજૂ કર્યું. આ સાથે શ્રી નીલેશભાઈ કોવાડિયા એ પોતાની આગવી શૈલીથી પિતા-પુત્રીના સંબંધને વર્ણવ્યો હતો જેને સાંભળીને જ્ઞાતિજનો ભાવવિભોર થાય હતાં. ધન્ય છે આવા વક્તાને જે ઘરમાં દીકરી હશે ત્યાં કિલ્લોલ હશે. કુટુંબમાં દીકરીનું જાતનપૂર્વ ઉછેર કરવામાં આવ છે. દીકરી પણ આ વસ્તુ કદીપણ ભૂલતી નથી.

શ્રીમતી આયુષીબહેન કોવાડિયા એ તેમના મીઠા મધુર અવાજે સુંદર રીતે એંકરીંગ કર્યું હતું. માધાપર

સમાજમાં બધા પ્રસંગે નિખીલભાઈનું એંકરીંગ ખુબજ સરસ હોય છે. વડીલોને સન્માન અને બાળકોને પ્યારથી વધાવવા તેઓ દોહા, શાયરી અને ગઝલ ગાય છે. આમ નિખીલભાઈને સાંભળવા એક લ્હાવો છે. માધાપર સમાજના પ્રમુખશ્રી બિપિનભાઈ પરમારએ સાવંત ૨૦૮૦ ના પ્રથમ પવિત્ર દિવસે સ્નેહમિલન સંમેલન યોજાયું હતું તેમ સર્વે જ્ઞાતિજનો એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતાં. આવી રીતે માધાપર સમાજ દરેક પ્રસંગ અને તહેવાર એકમેક સાથે આનંદ પૂર્વક ઉજવે છે. પ્રભુ સહુના જીવનને સુખ શાંતિમય બનાવે તેવી મારી પ્રાર્થના.

## રામાયણ ક્વિઝ સ્પર્ધા

ભારત દેશના સર્વે ભારતીય આજે અયોધ્યામાં ભગવાન શ્રી રામની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. તે તારીખ બાવીસમી જાન્યુઆરી નજીક આવી રહી છે, ત્યારે આપણા ઉત્સાહી માધાપર સમાજના લોકો કેમ પાછળ રહી જાય? સમગ્ર સમાજ આ દિવસને વધાવવા તૈયાર છે.




શ્રી રામ જન્મભૂમિ પર બિરાજે ત્યારે સમાજના ભાઈ શ્રી મહેશભાઈ બારમેડા એક ખુબજ સરસ રામાયણને લગતા પ્રશનોને પૂછીને અને બધાને તેના વિષેનું જ્ઞાન વધે તે માટે ક્વિઝ સ્પર્ધાનો આયોજન કરવાનો વિચાર આવ્યો જે ખુબજ સરાહનીય છે. જે તારીખ 07-01-2024 ના રોજ રાખવામાં આવેક હતું, આ પ્રસંગે માધાપર સમાજ કારોબારી સભ્યો અને મહિલા મંડળના તમામ સભ્યો હાજર રહ્યા હતાં. આ ઉપરાંત નખત્રાણા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન બગ્ગા, ભમીનીબેન બારમેડા અને સુખપર, ભુજના ઘણા બહેનો તેમનો અમૂલ્ય સમય કાઢીને હાજર રહ્યા હતાં.

ક્વિઝ સ્પર્ધા રામાયણ મહાકાવ્યના પ્રશ્નોનું સંચાલન ભૂમીબેન સોલંકી અને બઝર સિસ્ટમનું સંચાલન આરતીબેન બારમેડા એ ખૂબજ સચોટ રીતે કર્યું હતું. આ પ્રસંગે કુલ 32 જણા એ ભાગ લીધો હતો. દરેકને ઇનામો આપવામાં આવ્યા હતાં. અંતે વિજેતા જનકબેન પોમલ જાહેર થાય હતાં અને રનર અપ સંજયભાઈ છત્રાળા થાય હતાં. બંને જણાને પ્રમુખશ્રી એ ઇનામો આપ્યા હતાં.

આ પ્રસંગે નિખીલભાઈ એ રામાયણના શ્લોક બોલીને સુંદર રીતે એંકરીંગ કર્યું હતું. સમાજના પ્રમુખશ્રી બિપિનભાઈ પરમાર અને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રગતિબેન ખુબજ સરસ પ્રવચન આપ્યું હતું. સમાજના વડીલશ્રી હસમુખભાઇ મૈચા, જયંતીભાઈ વૈદ્ય અને ઘણા જ્ઞાતિજનો એ હાજરી આપી આનંદમાં ભાગ લીધો હતો.

મુખ્ય વાત તો એ હતી કે આ ક્વિઝમાં ભાગ લેવા કોઈજ ફી રાખવામાં આવી ણ હોતી. સર્વે જ્ઞાતિજનોને માટે સુંદર અલ્પાહાર હતો. જયશ્રી રામના નારા સાથે માધાપર સોની સમાજની જાડી ગુંજી હતી. આમ સમાજના લોકો ખૂબ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતાં. હું ઈચ્છું છું કે દરેક પ્રસંગને સમાજના લોકો મહાપર્વની જેમ વધાવી લે. અત્રે ઉલેખનીય છે કે શ્રી મારુ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર દ્વારા યોજાતા કાર્યક્રમને લગતા લેખો સમાજના વડીલ શ્રીમતી સુલોચનાબેન ઘનશ્યામભાઈ પરમાર દ્વારા આપવામાં આવે છે.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવી

શીતલ બુદ્ધભટ્ટી (માંડવી)

# કુળદેવી શ્રી કાલિકા માતાજીનો ૩૮૨મો પાટોત્સવ કાર્યક્રમ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવી કચ્છ દ્વારા જ્ઞાતિનાં કુળદેવી શ્રી કાલિકા માતાજીનાં 382માં પાટોત્સવ પોષ સુદ -૧૪ સંવત ૨૦૮૦ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. માંડવી કચ્છ મધ્યે આવેલ શ્રી કાલિકા માતાજીનાં મંદિરનાં નવીનીકરણનું કાર્ય જ્ઞાતિની કારોબારી દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું જેના પ્રતિસાદ સ્વરૂપે આ કાર્ય માટે જ્ઞાતિજનોએ ખુબ ઉદારતા પૂર્વક આર્થિક સહયોગ આપેલ જેથી માતાજીનાં મંદિરનું નવીનીકરણનું સુંદર કાર્ય પાટોત્સવ પહેલા સંપન્ન કરવામાં આવ્યું. પાટોત્સવ તા. 24/01/2024 નાં રોજ સવારે 9:00 કલાકે હવન રાખવામાં આવેલ જેમાં યજમાન પદે શ્રી કિશનભાઈ સંજયભાઈ બિજલાણી પરિવાર રહ્યા હતા. હવન બાદ બપોરે સમસ્ત જ્ઞાતિજનો માટે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું

સાંજે 4:00 કલાકે જ્ઞાતિનાં બાલમંદિર થી વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે સરસવતી સન્માન સમાંરભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત જ્ઞાતિનાં ટ્રસ્ટી સુરેશભાઈ સોલંકી, હરેશભાઈ બારમેડા, રાજેશભાઈ બુદ્ધભટ્ટી, જ્ઞાતિનાં પ્રમુખ આનંદભાઈ બુદ્ધભટ્ટી, જ્ઞાતિનાં ભૂતપૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ સોલંકી, મહિલા મંડળનાં પ્રમુખ સંગીતાબેન બિજલાણી, મહિલા મંડળનાં ઉપ પ્રમુખ નીરાબેન બુદ્ધભટ્ટી, મહિલા મંડળનાં મંત્રી ભાવનાબેન હેડાઉ તથા જ્ઞાતિનાં મહિલા મંડળનાં ખુબ અનુભવી તથા મહિલા મંડળની શરૂઆતથી સક્રિય તથા હાલના સહ ખજાનચી દમયંતીબેન બિજલાણી દ્વારા દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી હતી.


સરસ્વતી સન્માન કાર્યક્રમની સાથે જ્ઞાતિનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. જેમાં બાળકો દ્વારા પ્રાર્થના, ગ્રુપ ડાન્સ, સોલો ડાન્સ, મિક્ષગીત, વિવિધ વિષયો પર વક્તવ્ય રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ ઉપસ્થિત રહેલ તમામ જ્ઞાતિજનોએ સાંસ્કૃતિક કાર્યક્રમને ખુબ ઉત્સાહથી વધાવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા તથા બાળકોની કળાથી અભિભૂત થઇ દાતાશ્રીઓ તેમને ઇનામોથી નવાજ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા બાળકોએ સમસ્ત જ્ઞાતિજનોને પોતાની ક્ષમતાઓનો સુંદર પરિચય જ્ઞાતિજનોને કરાવેલ હતો. કાર્યક્રમની ફોટોગ્રાફી જ્ઞાતિનાં યુવક મંડળનાં ઉપપ્રમુખ ભાવેશભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની વિડીયોગ્રાફી યુવક મંડળના સભ્ય યશ જસવંતભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવી હતી. જ્ઞાતિની કારોબારીનાં સભ્ય કૈલાશભાઈ સોલંકી દ્વારા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઉન્ડ સિસ્ટની સુંદર વ્યવસ્થા સંભાળવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ જ્ઞાતિની કારોબારીના મંત્રી શીતલભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવી હતી. સરસ્વતી સન્માન બાદ સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા, જ્ઞાતિની મુખ્ય કારોબારીના હોદેદારો અને સભ્યો, જ્ઞાતિનાં યુવક મંડળ, મહિલા મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી તમામ જ્ઞાતિજનોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારું સોની મહામંડળ મોડાસા

યોગેશકુમાર સોની - પ્રમુખ (ધાનેરા)

# સ્નેહ મિલન - ૨૦૨૩



શ્રી સાબરકાંઠા જિલ્લા કચ્છ મારું સોની મહામંડળ, મોડાસાની વર્ષ 2023ની 42મી વાર્ષિક સાધારણ સભા તેમજ સ્નેહ સંમેલનના કાર્યક્રમનું આયોજન ગત તારીખ 24/12/2023 રવિવારના રોજ લબ્ધિ વિક્રમધામ જૈન મંદિર મોડાસાના સુંદર સ્થળ પર કરવામાં આવ્યું હતુ. જેમાં જ્ઞાતિના સર્વ સભ્યો તેમના પરિવારના સભ્યો અને આમંત્રિત મહેમાનો એ હાજરી આપી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરેલ હતી.

કાર્યક્રમનો આરંભ પ્રમુખ શ્રી તેમજ બીજા વડીલ સભ્યોના હસ્તે દિપ પ્રાગટ્ય સાથે પ્રાથના કરી કરવામાં આવેલ અને સર્વ હાજર રહેલા તમામ સભ્યો અને મહેમાનો એ સવારના નાસ્તા તેમજ ચા કોફીનો લાભ લીધેલ. ત્યારબાદ પ્રમુખ શ્રી દ્વારા આવેલ સર્વેનું સ્વાગત પ્રવચન કરી સાધારણ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી હતી. મંત્રી શ્રી એ ગત વર્ષની કારોબારી સમિતિમાં કામકાજ તેમજ ગત વર્ષના હિસાબની માહીતી આપેલી હતી જેને હાજર રહેલા તમામ સભ્યો એ મંજૂર કરેલ હતી. કાર્યક્રમના સ્થળે બપોરના સમયે રાખેલ સુંદર ભોજન વ્યવસ્થાનો તમામ સભ્યો અને આમંત્રિત મહેમાનો એ આસ્વાદ માણ્યો. ભોજન બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અને જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. વહેલી સાંજની ચા કોફીની મોજ માણ્યા બાદ હાજર રહેલા ઉત્સાહી સભ્યો અને મહિલાઓ સહિત સર્વે હર્ષ ઉલ્લાસ પૂર્વક ગરબાની રમઝટ બોલાવી હતી.

મોડી સાંજે ઉપપ્રમુખ શ્રી અને મંત્રી શ્રીએ સર્વે સભ્યો અને કાર્યક્રમનું સફળ આયોજન કરવા માટે કારોબારી સમિતિ સભ્યોના આભાર પ્રવચન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવેલ.

## યુવાશક્તિ



**Name : Dr. Maulik Barmeda**

**Father :** Anilkumar Vithaldas Barmeda
**Mother :** Nayanaben Anilkumar Barmeda

**Birth Place :** Bhuj – Kachchh

**Education :**
- S.S.C. from Bhuj English School (J. A. High School)
- H.S.C. from V. D. High School (2013)
- B.D.S. from Pacific Dental College & Hospital, Udaipur (2014-19)
- M.D.S. Coral & Maxillofacial Prosthodontics from Pacific Dental College & Hospital

**Profession :** B.D.S., M.D.S. Consultant Prosthodontist
**Currently :** Working as a consultant Prosthodontics in various private clinics in Kachchh
**Location :** Bhuj – Kachchh
**Address :** Street No.: 09, B-221, R.T.O. Relocation site, Bhuj-Kachchh, Gujarat
**Mob. No. :** 70734 17959

## કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ મુંબઈ

**અલ્કાબેન બુદ્ધભટ્ટી - પ્રમુખ (મુંબઈ)**

# કુળદેવી શ્રી કાલિકા માતાજીનો પ્રથમ પાટોત્સવ કાર્યક્રમ ઉજવણી



તારીખ 24-01-2024ના રોજ પોષ સુદ 14ના શુભ દિવસે દેવી મહાકાળી માતાજીનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સંપૂર્ણ કચ્છમાં ઉજવવામાં આવતો આ શુભ પ્રસંગ આ વર્ષે સૌપ્રથમ વખત મુંબઈની મહિલા મંડળની બહેનોએ ઉજવવાનું નક્કી કર્યું.

મુંબઈની સ્થિતિ એટલે જગ્યાની અછત. અલકાબેન (મહિલા મંડળ પ્રમુખ)ની આગેવાની હેઠળ બહેનોએ મળીને પ્રથમ તો ઘણા મંદિરો જોયા અને અંતે ઘાટકોપરમાં શ્રી વીરેશ્વર મહાદેવ મંદિરમાં માતાજીનો



હવન કરવાની વ્યવસ્થા કરી. સહુ જ્ઞાતિજનોને દર્શન માટે આમંત્રણ અપાયા હતાં. હવન તૈયારી, મહારાજની વ્યવસ્થા વગેરે કામ ખૂબજ સુપેરે પાર પાડ્યા.

કુમારીકા દ્વારા જળ કળશ લઈને માતાજીનું સામૈયુ કરવામાં આવ્યું. પાંચ જોડી હવનની પૂજામાં બેઠા હતા તથા ત્યાં હાજર રહેલા દરેક જ્ઞાતિજનોને દ્વારા હવનમાં આહુતિ આપવામાં આવી હતી. દરેક બહેનોએ ખૂબ જ ઉમંગથી પોતાના ઘરના પ્રસંગની જેમ જ શુભ કાર્યમાં સાથ સહકાર આપ્યો હતો. જ્ઞાતિના આગેવાનોની હાજરી એ પણ બહેનોનું મનોબળ વધાર્યું હતું.

આડો દિવસ (બુધવાર) હોવા છતાં ઘણા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં અને માતાજીના દર્શન કર્યા હતા. હવન પૂર્ણ થયા બાદ પ્રસાદી રૂપે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વર્ષની જેમ દર વર્ષે આ પ્રસંગ ઉજવાતો રહે તેવી શુભેચ્છા. જય માતાજી.

## MATRIMONIAL



**Name** : Akash Kansara

**Father** : Bipin Kansara
Business (Steel & Spices)

**Mother** : Krishna Kansara
Housewife/Artist

**Elder Brother** : Siddharth Kansara

**Occupation** : Business Architecture Manager at Accenture

**Sister In Law** : Trupti Kansara

**Date of Birth** : 18th April 1996

**Birth Time** : 7:45 AM

**Birth Place** : Amreli, Gujarat

**Height-Weight:** 5.8 Feet - 65 KG

**Profession** : Software Engineer at Toast, US based company

**Salary** : Above 40 Lakhs per Year

**Educational Qualification:**

- B.E. Computer Science from K.J Somaiya College, Mumbai

**Address** : Lathi, Dist. Amreli, Gujarat, India

**Current Location:** Bangalore, India

**Mobile Number** :

Bipinkumar Kansara : 99796 21456 / 94096 72531

Krishnaben Kansara : 81609 99700

તુલસીદાસ કંસારા

# સૌરાષ્ટ્રમાં આપણા પરિવારો (૩૮)



વડ, વડવા અને વડવાઈઓની વાતો

બાબુભાઈના બીજા પુત્ર જેસુખલાલના બન્ને દિકરા તેમની સાથે સોના-ચાંદીના શો રૂમ સંભાળે છે. તેમણે માણાવદરના ખ્યાતનામ કથાકાર બટુક મહારાજના પુત્ર દિપક મહારાજની વ્યાસપીઠેથી શ્રીમદ ભાગવદ સપ્તાહ બેસાડેલ. તેમની પત્નિ ભાવનાબેનનું ૨૦૨૦માં અવશાન થયેલ.

વૃજલાલભાઈના ત્રીજા પુત્ર વલ્લભભાઈનું શિક્ષણ પ્રાથમિક કક્ષા સુધીનું હતું. તેમનું ૨૦૦૨માં અવશાન થયેલ. વલ્લભભાઈના દિકરા હસમુખભાઈનો પુત્ર કેવલ અમદાવાદમાં બેંકમાં નોકરી કરે છે. હસમુખભાઈનું ઓટોમોબાઈલ ક્ષેત્રમાં કામકાજ છે. વલ્લભભાઈના બીજા પુત્ર શૈલેષભાઈ જેમનો પુત્ર પ્રિમેશ માણાવદર બેંકમાં નોકરી કરે છે. જ્યારે દિપેશ અને શૈલેષભાઈ ઓટોમોબાઈલનું કામકાજ કરે છે. તેમજ બન્ને ભાઈઓ શૈલેષભાઈ અને હસમુખભાઈ માણાવદરમાં ટ્રાન્સપોર્ટના ધંધામાં પણ છે. તેમના ત્રીજા પુત્ર બિપીનભાઈ હાલે જામનગર છે.

વૃજલાલભાઈના ચોથા પુત્ર જેન્તિભાઈનો અભ્યાસ પણ પ્રાથમિક કક્ષા સુધીનોજ હતો. તેમના લગ્ન ગોંડલ બાબુલાલ રણછોડ સોલંકીની પુત્રી કાંતાબેન સાથે કરેલ. તેઓની પુત્રી કલ્પનાને મુંબઈ નાનુભાઈ જીવણ બુદ્ધના પુત્ર પ્રદિપભાઈ સાથે વરાવેલ. તેમના પુત્ર પિયુષના લગ્ન જુનાગઢ નાનુભાઈ ચુનીલાલ બુદ્ધના દિકરી હિના સાથે કરેલ અને તેમને હર્ષ અને દૈવિક નામે બે પુત્રો છે. અત્યારે આ પરિવારના વડિલ તરીકે જેન્તિભાઈ છે. તેમણે યુવાનીમાં લાંબાસમય સુધી સખત મહેનત કરી ને સોની કામ કરેલ. અત્યારે ધંધામાં પરિવર્તન કરી કાલા કપાસ તેમજ જીનીંગ ફેક્ટરીને લગતું કામકાજ કરી સારી એવી પ્રગતિ કરેલ છે. તેમજ હાલમાં માણાવદરમાં હાર્ડવેરનો ધંધો પણ કરે છે.

વૃજલાલભાઈના સૌથી નાના પુત્ર મથુરાદાસ નાનપણમાં સૌના લાડકા અને મોસાળમાં નટખટ હતા. તેઓ આ પરિવારના પ્રથમ ગ્રેજ્યુએટ થયેલ. તેઓ પિતાજી પાસે સોની કામ પણ શીખેલ અને અભ્યાસ પુરો થતાં મુંબઈમાં બેંક ઓફ ઇંડીયામાં નોકરી કરતા. જુનાગઢથી બેંક મેનેજર તરીકે નિવૃત્ત થયેલ.

તેમના પુત્ર નિલેશને છત્રાસાના દાદામાં અપ્રતિમ શ્રદ્ધા છે અને દર વરસે જુનાગઢ ચાલીને દાદાના દર્શને જાય છે. તેમનો જશ નામે દિકરો કુબા ડાઈવીંગ, પેરેગ્લા ઈડીંગ, બાઈકપર લેહ-લદાખની મુશાફરી, તલવારદાવ, રાઈફલ શુટીંગ, જંગલ પરિભ્રમણ જેવા શોખ છે. નિલેશ અને જશ બન્ને સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળા યેલ છે. ઉપરાંત જશ જીમ ટ્રેઈનર અને ટુર-ટ્રાવેલના ધંધા સાથે પણ જોડાયેલ છે. આ પરિવારના બીજા વડિલ મથુરાદાસ માણાવદર છોડી જનાગઢમાં સ્થાયી થયેલ છે અને લીગલ સેવા ઓફીસર તરીકે સેવા આપી રહેલ છે.

*આ દુનિયામાં સૌથી સારી દવા હસવું છે,*
*સૌથી સારી સંપતિ બુદ્ધિ છે,*
*સૌથી સારું હથિયાર ધૈર્ય છે,*
*સૌથી સારી સુરક્ષા વિશ્વાસ છે,*
*અને આનંદની વાત એ છે કે આ બધું જ નિઃશુલ્ક મળે છે..*


# સૌરાષ્ટ્રમાં આપણા પરિવારો (૩૯)

## માણાવદર વિભાગ

### રણછોડદાસ કરશનદાસ કલ્યાણજીનો પરિવાર

આપણે ૩૮માં મણકામાં જોઈ ગયા તે પ્રમાણે લુંટારાઓના હુમલાના કારણે વૃજલાલભાઈએ ૧૯૪૧માં વેરવા છોડીને માણાવદરમાં વસવાટ કર્યો ત્યારથી આ પરિવાર માણાવદરવાળા તરીકે ઓળખાય છે. આ બનાવ પછી આશરે બારેક વર્ષો બાદ કરશનજી કલ્યાણજીની પેઢીના રણછોડભાઈ અને તેમના પત્ની મુક્તાબેને પણ માણાવદરમાં વસવાટ કરેલ. ત્યારે તેમના સૌથી નાના પુત્ર અરવિંદભાઈ છ મહિનાના હતા. વૃજલાલભાઇનું ૮૫ વર્ષની વયે ૧૯૮૫માં અને મણીમાનું તેમનાથી બે વર્ષ પહેલાં ૧૯૮૩માં ૮૦ વર્ષની વયે અવસાન થયેલ.

### રણછોડદાસ કરશનદાસ પરિવારની વંશાવળી




રણછોડભાઈના પુત્ર નરોત્તમભાઈનો જન્મ વેરવામાં અને શિક્ષણ માત્ર પ્રાથમિક ધોરણ સુધી. તેઓ સોની કામ કરતા. પતિ-પત્ની બન્નેનું નિધન ૧૯૯૪માં થયેલ.

બીજા પુત્ર મણીભાઈનું શિક્ષણ માધ્યમિક કક્ષા સુધીનું હતું, અને તેઓ પણ સોનીકામ કરતા. તેમના મોટા પુત્ર રાજેન્દ્રભાઈએ બી.એસ.સી.ની ડીગ્રી મેળવેલ અને મેડીકલ રીપ્રેઝેન્ટેટીવ, સર્જીકલના સાધનોનો વ્યવસાય કરેલ. હાલમાં તેઓ માઈન્ડ ટ્રેઈનર તેમજ વાસ્તુ નિષ્ણાંત તરીકે કામ કરે છે.

રાજેન્દ્રભાઈના મોટા પુત્ર સન્નીએ એમ.બી.બી.એસ.નો અભ્યાસ પુરો કરીને વિધ્યાનગરમાં એમ.ડી. (એનેસ્થેટીક)નું શિક્ષણ મેળવેલ છે. જ્યારે બીજા પુત્ર રાજે બી.બી.એ. કરેલ છે. તે અમદાવાદમાં સોલાર કંપનીમાં નોકરી કરે છે. મણીભાઈના બીજા પુત્ર સરજુભાઈએ મહારાષ્ટ્રમાં ઈલેક્ટ્રીકલ અને કમ્યુનીકેશન એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં મેળવીને રાજકોટમાં ટેલીકમ્યુનીકેશન ક્ષેત્રે વ્યાપાર કરે છે. તેમને આદિત્ય નામે એક પુત્ર છે.

રણછોડભાઈના ત્રીજા દિકરા દામોદરભાઈ (દીનેશભાઈ) બી.એ. પાસ છે. અને મુંબઈથી બેંક ઓફ ઈન્ડીયામાં નોકરીની શરૂઆત કરી, પ્રમોશનો મેળવીને છેલ્લે જુનાગઢમાં બ્રાન્ચ મેનેજર તરીકે કાર્યરત હતા અને ત્યાંથીજ સ્વેચ્છાએ નિવૃતી લિધેલ. તેમને કોઈ સંતાન નથી. તેમના પત્નિનું અવસાન થઈ ગયેલ છે. માણાવદરની બહાર જઈ અભ્યાસ કરનાર આ પરિવારના તેઓ પહેલા સદસ્ય હતા. હાલે તેઓ તેમના નાનાભાઈ મોહનલાલ સાથે અમદાવાદ સ્થાયી થયેલ છે.

મોહનલાલ, રણછોડભાઈના ચોથા પુત્રે એમ.કોમ. થઈને જુનાગઢમાં બેંક ઓફ ઈન્ડીયામાં નોકરી કરીને ૨૦૦૧માં સ્વેચ્છીક નિવૃત્તી લીધેલ છે. તેઓ હાલે અમદાવાદમાં તેમના ચિત્રકામના શોખને ડ્રોઈંગ સ્કૂલમાં જઈને વધારે ઓપ આપી રહેલ છે. તેઓ અવાર નવાર અમદાવાદની વિવિધ ગેલેરીયોમાં યોજાતા પ્રદર્શનોમાં તેમના પેઈન્ટીંગ મૂકતા હોય છે, અને તેમાં વેચાનાર ચિત્રોની રકમોનું દાન કરતા રહે છે. તેમના વિશે તેમજ તેમના ડોક્ટર પુત્ર અને પુત્રવધૂ વિશે 'જ્ઞાતિસેતુ'ના સ્વાસ્થય વિશેષાંક તેમજ 'આપણા પરિવાર'ના ૩૩ મણકામાં આ લખનારે લેખો આપેલા છે. મેવચા રણછોડદાસના પાંચમા દિકરા અરવિંદભાઈનો અભ્યાસ માધ્યમિક સુધી અને પરંપરાગત ધંધો સોનીકામ. તેમના પુત્ર વૈભવનો અભ્યાસ પણ પિતાજીની જેમ માધ્યમ સુધીજ અને શરૂઆતમાં પરંપરાગત વ્યવસાય

સોનીકામથી. લગ્નબાદ અમદાવાદમાં સ્થાયી. લગ્ન અન્ય જ્ઞાતિમાં, એશાબેન વ્યાસ જેમણે કોલેજ સુધી શિક્ષણ મેળવેલ. તેમને એક પુત્રી નામે રીતિબેન છે. અરવિંદભાઈના બીજા દિકરા કૃણાલનો જન્મ પણ માણાવદરમાં, પરંતુ તેમણે બી.એસ.સી., અને ઈન્ટીરીયર ડીઝાઈનીંગનું શિક્ષણ લીધું રાજકોટ અને અમદાવાદમાં, તેમજ તેજ ક્ષેત્રમાં વ્યવસાય પણ અપનાવ્યો. તેમણે પણ ભાઈની જેમ લગ્ન અન્ય જ્ઞાતિમાં અમદાવાદના પ્રિયંકા સાથે કરેલ છે, જેઓ એમ.સી.એ. થયેલ છે અને ડીઝાઈનીંગનો અભ્યાસ પણ કરેલ છે. તેમને એક દિકરી રાશીબેન અને એક દિકરો પ્રિયાંશ છે. કૃણાલ પણ પોતાના કુટુંબ સાથે અમદાવાદમાં સ્થાયી છે.

આ સાથે વેરવાવાળા પરિવારોમાંથી માણાવદર સ્થાયી થયેલ પરિવારોની માહિતી પુરી થાય છે.

## "પુણ્યો માંથી કર પાપો બાદ"

*પુણ્યો માંથી કર પાપો બાદ,*
*છે કર્મોનો એ જ હિસાબ.*

*ના ઓળંગવી લક્ષ્મણરેખા,*
*કાંચન મૃગ ભલે કરતો સાદ.*

*જેવા સાથે તેવા થઈ રહેવું,*
*આગળ ધરવો નહીં બીજો ગાલ.*

*મ્હોરાં તો અફવા પેરે-'યાદ',*
*સાચા ને આવે ક્યાંથી આંચ ?*

*આવ ભલે નહીં મૂર્તિ માંથી,*
*અહીંનું અહીં જ કરી દેખાડ*

**- જીનલ (યાદ)**

---

## "You say you like"

*You say you like*
*Rain, Then why do*
*You take umbrella?*

*You say you like*
*Wind, then why you*
*Close windows and door?*

*You say you like*
*Sunshine, Then why*
*You stay at home*
*Or Office whole day?*

*You say you like*
*Planting the plants,*
*Then why don't you do?*

*You say you like*
*Nature, Then why*
*You damage the world?*

*Why don't do all*
*thing that you like?*
*Please give me the answer..*

**- Prisha Kansara (Ahmedabad)**

## "ચાલશે"

ચાલશે.. પેલા બધા સંબંધ સાચવીલે
પછી સમય વધે તો આવજે,

ચાલશે.. પેલા જીવન બનાવી લે પછી
સમય વધે તો આવજે,

ચાલશે.. પેલા સપના વણી લે પછી
સમય વધે તો આવજે,

ચાલશે.. નવમિત્રોને મળી લે પછી
સમય વધે તો આવજે,

ચાલશે.. પેલા પ્રીત શોધી લે પછી
સમય વધે તો આવજે,

ચાલશે.. પેલા ભરપૂર હસી લે પછી
રડવું હોય તો આવજે,

ચાલશે.. પેલા બધાજ કામ આટોપી લે પછી
સમય વધે તો આવજે,

પણ.. જો રાહ જોતાં જોતાં મારો સમય ન વધે તો..
આંખ મારી બંધ થતાં પહેલા બસ..
અંત સમયે.. એક ક્ષણમાટે વહેલો આવજે..
બાકી ચાલશે.. સમય વધે તો આવજે..

**- કવિતા સોલંકી**

વ્યક્તિ વિશેષ

# સમાજના મહિલા આગેવાન સોનલબેન ઉદયભાઈ બુદ્ધભટ્ટી

**પ્રેષકઃ તુલસીદાસ કંસારા (અમદાવાદ)**

૧૭મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા મદાવાદમાં ડી. કે. હોલ ખાતે યોજાયેલ વિધ્યાર્થી સન્માન સમારંભમાં આપણા સમાજના મહિલા આગેવાન શ્રીમતી સોનલબેને યુક્રેન – રશીયા મડાગાંઠને કારણે યુદ્ધમાં ફસાયેલ ગુજરાતના તેમજ આપણા સમાજના વિદ્યાર્થીઓને પરત લાવવા માટે ભજવેલ અગત્યના ભાગ માટે, તેમનું વિશેષ સન્માન કરવામાં આવેલ. અહીં તેમનો વિગતે પરિચય આપવામાં આવેલ છે.

સોનલબેન જૂનાગઢ નિવાસી શ્રી હસમુખભાઈ જીવણદાસ હેડાવનાં પુત્રી અને અમદાવાદ નિવાસી ઉદયભાઈ બુદ્ધભટ્ટીનાં પત્ની છે. તેમની વિશેષતાઓ ગગનનાં તારાઓ સમાન અગણિત છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને સેવાભાવી સ્વભાવ ધરાવે છે. લગ્નબાદ તેમણે ૧૮ વર્ષ ટ્યુશન ક્લાસીસ અને પાંચ વર્ષ સિવણ ક્લાસીસ ચલાવેલ. તેઓની કાર્ય તરફની નિષ્ઠા અને ધગશને કારણે તેઓએ ૧૫ વર્ષ ભાજપનાં કાર્યકર તરીકે મ્યુનિસિપલ કોર્પોરેટર અને લિગલ કમિટી મેમ્બર તરીકે ફરજ બજાવેલ. તેઓ મહિલા વિકાસ કમિટી મેમ્બર, હાઉસિંગ કમિટી મેમ્બર તેમજ પૂર્વ ઉપપ્રમુખ તરીકે અમદાવાદનાં કારોબારી સભ્ય રહી ચૂકેલ છે. તેઓએ જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનનાં મહામંત્રી અને યુવા કિસાન સંગઠનમાં ગુજરાત પ્રદેશનાં મહિલા પ્રમુખની જવાબદારી પણ વહન કરેલ છે.

વિશેષ ગણાતી પદવીમાં તેઓ 'જનકલ્યાણ યોજના'ની પ્રચાર પ્રસાર કમિટીમાં અમદાવાદ જીલ્લામાં ઉપપ્રમુખની જવાબદારી નિભાવી રહેલ છે, તેમજ લોકસંવાદ સંગઠન અમદાવાદના જીલ્લા મહામંત્રી છે. મહાશક્તિ ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી છે અને અખિલ ભારતીય વિશ્વકર્માં શિલ્પકાર મહાસભાનાં ગુજરાતનાં પહેલા ઉપપ્રમુખ છે. વિશેષમાં 'શ્રી નરેન્દ્ર મોદી વિચાર મંચ' અમદાવાદ જીલ્લાના મહામંત્રીની જવાબદારી નિભાવી રહ્યા છે. બે વર્ષ પહેલાં ''વસ્તી નિયંત્રણ કાયદો'' સંસદમાં પસાર કરવાની કમિટીમાં તેમની નિમણૂક કરવામાં આવેલ. આટલી ઢેર સારી જવાબદારીઓ નિપુણતાથી નિભાવવાની સાથોસાથ સોનલબેન આપણા કંસારા સમાજ માટે કોઈપણ પ્રકારની મદદ અને સેવા માટે ખડેપગે ઊભા રહે છે અને હોસ્પિટલમાં બહારથી આવતા દર્દીઓની સારસંભાળ કરી પોતાના સેવાભાવી સ્વભાવને સાર્થકતા આપે છે. શિહોરથી પ્રસિદ્ધ થતા સામયિકે ''શ્રી મારૂ કંસારા હિતેચ્છુ''ના ઓગષ્ટ ૨૦૨૨ના અંકમાં સોનલબેન ગુજરાતના તેમજ આપણા સમાજના વિદ્યાર્થીઓને યુક્રેનથી પરત લાવવા માટે ભજવેલ અગત્યના ભાગ વિશે નિચે મુજબ નોંધેલ છે.



''ભારતીય વિદ્યાર્થીઓના બચાવ કાર્યમાં ભાગરૂપે શ્રીમતી સોનલબેને ત્વરિત નિર્ણય કરી, વિના વિલંબે ગાંધીનગર ખાતે શનિવાર અને રવિવાર તારીખ ૨૬ અને ૨૭-૨-૨૨ના રોજ આપણા ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી ભપેન્દ્રભાઈ પટેલની રૂબરૂ મુલાકાત કરીને, અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના વાલીઓને સાથે રાખીને ચર્ચા -વિચારણા કરેલ, જેના ફળ સ્વરૂપે યુક્રેનની સરહદે ફસાયેલ વિદ્યાર્થીઓને વાહન મારફતે રૂમાનિયા દેશમાં સહી સલામત રીતે શરણાર્થી છાવણીમાં રહેવા, જમવાની તેમજ ભારત પરત લાવવાણી વ્યવસ્થા કરવામાં આવેલ. આમ તેઓની જહેમત ત્યાં ફસાયેલા તમામ વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થયેલ.

(ભાહિતી સૌજન્યઃ શ્રી મારૂ કંસારા હિતેચ્છુ સામયિક-મે ૨૦૨૩)

## મીતા'સ કોર્નર

# ક્લીન્ઝ યોર લીવર એન્ડ યુ ક્લીન યોર માઈન્ડ

મીતા સોલંકી

નમસ્કાર મિત્રો, આ અંક હાથમાં આવે નવા વર્ષની શરૂઆત થઈ ચૂકી હશે. તો મારા સૌ વાચક મિત્રો અને વડીલોને જયશ્રી ક્રિષ્ના.

મિત્રો આજે વાત કરીશ જીભના ચટાકા! ગૃહિણીનો મનપસંદ ટી.વી. શો એટલે રસોઈ શો! અતીરસપૂર્વક નિહાળી અને ત્યારબાદ ઘરના સભ્યો પર અખત્રા કરી વાહવાહી મેળવીએ સ્ત્રીઓનો શોખ હોય છે. સંજીવ કપૂર અને એવાજ માસ્ટર શેફ હોય કે રસોઈ ની રાણી જેવી સિરિયલો કોઈ પણ પ્રકારના રસોઈની વસ્તુઓ, શાકભાજી, હોય કે કોઈપણ પ્રકારની રસોડાની અનેક આઇટમોને મારી મચડીને આડાઅવડા હેલ્થને ધ્યાનમાં રાખ્યા વગર વાનગીઓ બનાવતી હોય છે. અને રૂપકડું નામ આપી દેવાતું હોય છે. આ દરેક વસ્તુમાં કપાઈ એમના ન્યુટ્રીશીયન વેલ્યુ કે વિરોધી આહાર છે કે નહિ એમનો બિલકુલ ધ્યાન રાખતું નથી. દા.ત. ડુંગરી અને ટામેટાના શુપમાં દૂધ કે દૂધનો ક્રીમ ઉમેરવો! તમે વિચાર કરો કે ખાટા ટામેટા ડુંગરી અને દૂધ કેવો વિરૂદ્ધ આહાર!!

આપણે માનીયે છીએ કે પેટની સાથે મન ભરાય એવું ખાવું જોઈએ એટલે કે સંતોષ પામે એવું ખાવું જોઈએ પણ માત્ર સ્વાદિષ્ટ ભોજન જ અગ્રતાક્રમે છે. ગુજરાતીઓનો ખાવાનો શોખ વિશ્વપ્રસિદ્ધ છે. જર્મનીની યુનિવર્સિટી ઓફ મુન સ્તરે સંશોધન કરીને કહ્યું છે કે અમે લોકોને ખોરાક અને કેલેરીનું પ્રમાણ 20 ટકા જેટલું ઘટાડ્યું તો મેમરી પાવર વધ્યું છે. સંશોધનના અંતે માલૂમ પડ્યું છે કે લીવર બગડનારી ચીજો ખાનાર પ્રજામાં સૌથી વધુ આગળ ગુજરાતીઓ છે.

આપણે ગુજરાતીઓને તેલ - ઘીના તડકા લગાવવાની આદત છે. ઉતમ તત્વોનો લાભ લેવા તંદુરસ્ત પ્રોટીનનો લાભ લેવા વધારાની આદત છોડવીજ રહી! એ કલ્પના બહારનું લાગે છે સૌને! વધારામાં હિંગ નાખવા કરતાં એ ઉપરથી નાખવાથી સ્વાદ અને ગુણ વધારે છે.

પરણીને શહેર જનારી ગામડાની કન્યાઓને કુકીંગ ક્લાસનું વળગણ છે. પણ ક્લાસમાં માટે ભાગે એવન, પ્રોસેસડ ફૂડ, અન હેલ્ધી વસ્તુ જ શીખવવામાં આવે છે. ચીનથી આવતો ''આજીનો મોટો'' નામનો હાનિકારક પાઉડર સ્ત્રીઓ ઘરે બનાવતી. રસોઈમાં પણ ઉપયોગમાં લેવા માંડી છે. જે ખરેખર નથી કરવા જેવું.

એક અંગ્રેજી કહેવત છે કે 'ગ્લટની ઇઝ સીન' અંકરાતીયા થઈને ખાવું એ પાપ છે. ગુજરાતીની રસોઈમાં દાળ-શાકમાં ગોળ વપરાય છે જે યોગ્ય નથી, બાજરાનો રોટલો, ફણગાવેલા કઠોળ, જુવારના રોટલા, લસણ, આદુ કેટલીક વસ્તુઓ કુદરતે આપણે આપી છે. અનેક પ્રકારના શાકભાજી, ફ્રૂટસ વગેરેને જેટલા ઓછા પ્રોસેસ થઈને ખાવાનું થાય એવી ટ્રાય જરૂર કરવી જોઈએ.

બાજરાની રોટલી, રોટલા - લસણની ચટણી, થોડી ખટી છાસ! સુપર્બ કોમ્બિનેશન! લસણમાં તો કેલ્સિયમ, ફોસ્ફરસ, લોહ, વિટા - સી અનેક પાચક દ્રવ્યો છે. ફેફસાને પણ મજબૂત કરે છે. ક્ષયમાં પણ લસણ કાચી કળી ભોજનમાં અપાય છે. આજે આંતરડામાં ચાંદનું પ્રમાણ પણ વધ્યું છે. એન્ટેસિડ દવા ખાઈ ખાઈને અતિ ખરાબ આડ અસરો થાય છે. જે મેડીસીન કંઇક દર્દ મટાડવા ખાઈએ છીએ. એજ બીજા રોગો ઊભા કરે છે. ડો. જોન મોરલી કવે છે. (ન્યુ સાયન્ટિસ્ટ) માં કુકિંગ પેન (તળવાંની તવાઈ) વાળા તમામ ખોરાક બંધ કરવા જોઈએ અથવા ઓછા લેવા જોઈએ!

ગૃહિણીની મજબૂરી પણ કંઇક એ પ્રકારની થઈ જાય છે કે ઘરના મેમ્બરને અમુક ટાઇપનો જ સ્વાદ આવે તો જ ખાવું હોય છે. રસોઈનો બગાડ ન થાય. એના માટે કરીને ગૃહિણી ઓ ''બારના જેવું'' બનાવવાની કોશિશ કરે છે કે ઘરના મેમ્બર ઓછામાં ઓછું બારનું ખાવાનું ખાય!

એ ચક્કરમાં ક્યારેક રસોઈમાં મૂલ્યોનો દ્રાંચ થતો જોવા મળે છે. યાદ કરો મિત્રો! કે જૂના જમાનામાં સ્વાદ ઓરીજનલ રાખવા જ પ્રયત્ન કરવો પડતો અને અત્યારે બટેટાનું ક્યારેય ફ્રેન્ચ ફ્રાય બની જાય ખબર જ નથી પડતી.

જેટલું ઓછું પ્રોસેસ કરી ખાવું પડે એની વાનગી વધુ લેવી એ આરોગ્યની દૃષ્ટિ એ બેસ્ટ છે. બાકી આ તો તુંડે તુંડે મતી ભિન્ન છે કોઈક કેસે દૂધ પીવું જ જોઇએ બીજો સમૂહ કેસે દૂધનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ! આમ આપણે તો મહા કંન્ફ્યુઝડ થઈ જઈએ કે દૂધ પીવું કે દૂધ ન પીવું? ખેર આ વાત બહુ લાંબી છે. અંતે હું કહીશ આપણો પ્રાદેશિક ખોરાક લેવો જે પ્રદેશમાં રહેતા હોય એ અને સીઝનનો ખોરાક લેવો આરોગ્ય માટે બેસ્ટ છે. જેટલું ખાઓ એટલું પચવો.. બસ એજ..

---

## *"ખૂટે છે !"*

*છે વૃંદ લાખોની મહેરામણનો*
*પણ, કેન્દ્રનો ભાસ ક્યાંક ખૂટે છે !*

*અઢળક સંબંધો હાસ્ય કરવા*
*સારવા હૃદઅશ્રુ સહવાસ ક્યાંક ખૂટે છે !*

*કળી શકવું કપરું છે, મર્મ મનસ્પૃહાનો,*
*લાગણીની કૂંપળો પર ભીનાશ ક્યાંક ખૂટે છે !*

*નિરાશાની ડમરીએ, મન રણ ઝાંઝવે,*
*વર્ષાના બિંદુની આશ ક્યાંક ખૂટે છે!*

*છળ કરતી વમળોનાં ગોફ ગૂંથિત ભવંડરમાં*
*'હું છું તારો' કહેતા શ્વાસ ક્યાંક ખૂટે છે !*

*રૂંધે છો'ને સાંકળ કો, સંબંધોનાં મૌનને !*
*આત્મા જોડાણનો શું 'કવન' પ્રયાસ ત્યાં ખૂટે છે ?*

*લખવાને તો શબ્દો અખૂટ છે*
*પણ ચીરે જે મૌન એ પ્રાસ ક્યાંક ખૂટે છે !*

*ભૂત-ભાવિમાં અટવાતા વચનોનાં ખેલમાં 'કવન' બસ*
*પૂરે જે પ્રાણ એ વિશ્વાસ ક્યાંક ખૂટે છે!*

***- કવિતા ભદ્રા સોલંકી (કવન)***

# શુભેચ્છા સંદેશ

**મહેન્દ્રભાઈ જે. કંસારા**
**પ્રમુખ શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાન - અમદાવાદ**

શ્રી મનુભાઈ કોટડીયા, શ્રી અતુલભાઈ સોની તથા સર્વે વ્યવસ્થાપકશ્રીઓ, આપની સંસ્થાના તા. ૦૩/૦૯/૨૦૨૩ના રોજ આયોજિત કાર્યક્રમમાં આપના હાર્દિક નિમંત્રણથી અમારી શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાન અમદાવાદના પ્રતિનિધિ તરીકે મને તેમજ અમારા હોદેદારો સર્વ શ્રી પીયૂષભાઈ કંસારા, સલાહકાર મંડળના સભ્ય શ્રી ગુણવંતભાઈ ખાખીને હાજર રહેવાનું અમારા માટે ગૌરવપ્રદ રહ્યું. આજનાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને એક બીજાને મળવાનું વિચારોનું આદાન પ્રદાન અને પરસ્પરને સમજવાની અનેરી તક મળી તે બદલ આભાર વ્યક્ત કરું છું. કાર્યક્રમનું નિમિત્ત એક અભૂતપૂર્વ ઘટના કહેવાય કે આપણી વિરાસત પુસ્તકનું લોકાર્પણ દ્વારા સમાજ ગોત્ર વસવાટ સ્થળાંતર જેવા સૈકાઓ જુના જ્ઞાતિ ઇતિહાસને દસ્તાવેજી સ્વરૂપ આપી એક સંદર્ભ ગ્રંથ તૈયાર કરી સમાજને ચરણે મુક્યો. સમાજ કુટુંબ રીતી રીવાજ અને જ્ઞાતિના વિરલ પ્રભાવશાળી મહાનુભાવોનો આજની પેઢીને પરિચય કરાવવો એ અદભુત કાર્ય કર્યું છે.

ગાગરમાં સાગર ભરી દેવાનું અભૂતપૂર્વ પ્રસંશનીય કાર્ય બદલ સંસ્થા અને સંપાદક શ્રી તુલશીદાસ કંસારાને સાધુવાદ. તેમજ જ્ઞાતિસેતુના 100 અંકના લોકાર્પણ સાથે જે જ્ઞાતિની જાગૃતિ, પ્રગતિ અને પ્રભાવી આવતી પેઢીની ગાથા સમાજ સમક્ષ મુકવાની જે પહેલ કરી છે તે બાબત અનેકોને પ્રેરણાદાયી બની રહેશે.

આજનાં માત્ર બે ત્રણ કલાકના કાર્યક્રમે આપની સંસ્થાની ૨૦ વર્ષની અવિરત સાધનાને સમાજ પટલ પર તાદ્રશ્ય કરી છે. પુનઃઆપ સર્વેને અમારી સંસ્થા શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થા તરફથી અભિનંદન સહ ઉત્તરોત્તર નૂતન કીર્તિમાન સ્થાપિત કરી જ્ઞાતિ સમાજનો સેવા યજ્ઞ અખંડ પ્રજવલિત રાખો તેવી શુભેચ્છાઓ, પરસ્પર સહયોગ સદાય મળતો રહે તેવી અભિલાષા સહ મહેન્દ્રભાઈ જે કંસારા પ્રમુખ શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાન અમદાવાદ.

# શા માટે બાળકો મોટા થતાં થતાં મા-બાપના દુશ્મન થઈ જાય છે?

ડો. ચીમનભાઈ પટેલ - કલોલ

મોટાભાગના ઘરોમાં જ્યારે બાળક નાનું હોય ત્યારે તે મા-બાપની દરેક વાતને માને અને તે પ્રમાણે કરવા પ્રયત્ન કરે. પરંતુ બાળક જેમ જેમ મોટું થતુ જાય તેમ તે મા-બાપની આજ્ઞાને અવગણે છે. ઘણી વખતે તો તે કહે તેનાથી ઊંધું કરે છે. ઘણી વખતે જૂઠું બોલતું થઈ જાય છે. આલ્કોહોલ કે ડ્રગ લેતું થઈ જાય છે. ઘણા કિસ્સામાં તો તે મા-બાપને મારી નાખવા માટે પણ તૈયાર થઈ જાય છે. તે મા-બાપને દુશ્મન સમજવા માંડે છે. આવું શા માટે થાય છે તેના ઉપર ચિંતન કરતા આ લેખ પેદા થયો છે. આશા રાખું છું કે આ લેખ આપને પસંદ આવશે. આવું એટલા માટે થાય છે કે જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેમ તે ઘણા બધા તબક્કામાંથી પસાર થાય છે.



જેમ કે બાળક જન્મથી લઈને બે વર્ષનું હોય ત્યારે તે તેની માતાને સર્વોચ્ચ માને છે. કારણ કે તેની તમામ જરૂરિયાતો માતા દ્વારા પૂરી થાય છે. ભૂખ લાગે ત્યારે માતા ખવડાવે. તે પથારી ભીની કરે ત્યારે માતા તેને ચોખ્ખું કરીને સુવાડે. તે બાળક માટે માતા સર્વોચ્ચ બની જાય છે. પછી જેમ બાળક થોડું મોટું થતુ જાય તેમ તેની જરૂરિયાત માતા-પિતા તથા વડીલો દ્વારા પૂરી થતી હોય છે. બાળકને જ્યારે રમકડાથી રમવાની ઈચ્છા થાય ત્યારે પિતા તેને રમકડું લાવીને આપે. તેને બહાર ફરવા લઈ જાય. નવા નવા કપડાં લઈ આપે. દાદા-દાદી, નાના-નાની તથા વડીલોનું સ્નેહ પ્રાપ્ત થાય. તેમની વાતો સાંભળી અને ધીરે ધીરે બાળક મોટું થાય. માતા-પિતા જ્યારે કામમાં વ્યસ્ત હોય ત્યારે બાળક પોતાનો મોટાભાગનો સમય દાદા-દાદી કે નાના-નાની કે વડીલો જોડે વિતાવે અને દાદા-દાદી કે નાના-નાની રીટાયર્ડ હોય એટલે બાળકને પૂરતો સમય આપે, તેને અલગ અલગ વાર્તાઓ કહે, પ્રેમ આપે છે. એટલે તે તબક્કામાં બાળક માતા-પિતા કરતા દાદા-દાદીની વાત વધારે માને. શરૂઆતમાં બાળક મા-બાપ તથા દાદા-દાદીનું બધું જ કહ્યું માને પરંતુ જેમ બાળક પાંચ વર્ષથી મોટું થાય ત્યારે તેનું તાર્કિક મન ડેવલપ થાય. ત્યારે તમે તેને કોઈપણ વસ્તુ કહેશો તો તેની પાછળ તરત તર્ક કરશે. તમે કહેશો ધમાલ ન કર નહિતર ડોક્ટર ઇન્જેક્શન આપી દેશે અથવા બાવો ઉપાડી જશે તો તે કહેશે ક્યાં છે ડોક્ટર. ક્યાં છે બાવો. ડોક્ટર તો દવાખાને હોય. બાવો તો જંગલમાં હોય. અહીં મા-બાપે ખાસ ધ્યાન રાખવાનું છે તમારા બાળકને ધમાલ કરતું રોકવા માટે ડોક્ટર ઇન્જેક્શન આપી દે છે અથવા તો બાવો ઉપાડી જશે તેવું ન કહો. કારણ કે એકથી પાંચ વર્ષના બાળકનું સબ કોન્સિયસ માઈન્ડ કામ કરતું હોય. જે સૂચન આપો તે તરત સ્વીકારી લે અને ડરવા માંડે. તેની સામે દલીલ ન કરે અને તે મોટું થતા ડરનો અનુભવ કરે અને રાત્રે સૂઈ જાય ત્યારે પથારીમાં પેશાબ પણ કરી કાઢે. તેથી ખોટી ધમકીઓનીઓ આપવી નહિ. જ્યારે જ્યારે બાળક મોટું થતું જાય તેમ તમારી વાત ન માને તો ખોટું લગાડવું નહીં કારણ કે તેનું પોતાનું એક અલગ અસ્તિત્વ ડેવલપ થઈ રહ્યું છે.

ખરાખરીનો ખેલ હવે શરૂ થાય. બાળક થોડું મોટું થાય ત્યારે તેને સ્કૂલમાં મૂકવામાં આવે. જ્યારે તેને રમવાની ઉંમર હોય અને એને સ્કૂલમાં મૂકી દેવામાં આવે ત્યારે તેની આઝાદી છીનવાઈ જતી હોય તેવું તેને લાગે. તેની અંદર એનર્જી ઉછાળા મારતી હોય. તેને બહુ જ ખેલવું હોય પરંતુ તેને ક્લાસની અંદર બે થી ત્રણ કલાક બેસાડી દેવામાં આવે તથા તેને અલગ અલગ પાઠ

ભણાવવામાં આવે તથા શિક્ષક તેને શિસ્તના પાઠ ભણાવે. તે ન કરે તો તેને સજા પણ કરે. ત્યારે બાળક મા-બાપ તથા શિક્ષકને પોતાનો વિરોધી તથા દુશ્મન સમજવામાં માંડે છે. આ સ્થિતિમાં બાળકને ભણાવવાની સાથે સાથે તેને રમવા માટે પણ સમય આપો. એટલું બધું લેસન ન આપી દો કે જેના કારણે તેનો રમવાનો ટાઈમ પણ જતો રહે. માણસ સિવાય કોઈપણ પશુ-પક્ષીમાં તેના બચ્ચા ને ભણાવવાનું હોતું નથી આપણે આપણા બાળકને એટલા માટે ભણાવીએ છીએ કે તે મોટો થઈને પૈસા કમાય. તે આપણા સમાજે ઉભી કરેલી વ્યવસ્થા છે અને તે કર્યા વગર છુંટકો પણ નથી.

અહીં સુધી બહુ વાંધો નથી પરંતુ જેમ બાળક મોટું થતું જાય ટીનેજની એજમાંથી પસાર થાય ત્યારે તેની અંદર કુદરતી રીતે હોર્મોનનો ઉછાળો આવે. ત્યારે તે પોતાની જાતને એક અલગ વ્યક્તિ તરીકે જુએ. તે હોર્મોન્સના કારણે તેની લાગણીઓમાં ઉતાર ચડાવ આવે. ત્યારે સ્ત્રી પુરુષ તરફ અને પુરુષ સ્ત્રી તરફ આકર્ષાય. તે પોતાને અરીસામાં વારંવાર જોયા કરે. તેમના મનમાં અને શરીરમાં થતા ફેરફારો તે અનુભવ કર્યા કરે. આ સ્થિતિમાં તે કોઈ પણ પાત્ર જોડે પ્રેમ સંબંધ બાંધી બેસે. ઘણીવાર શારીરિક સંબંધ પણ કરી નાખે. આ સ્થિતિમાં મા-બાપ જ્યારે તેને વારંવાર ટોક્યા કરે તેના ઉપર દેખરેખ રાખવાનું શરૂ કરે ત્યારે બાળકને ઘણીવાર ખોટું પણ લાગે અને ખોટું બોલવાનું પણ શરૂ કરી દે. આ સ્થિતિમાં દરેક માતા-પિતાએ તેમના બાળક જોડે દોસ્ત જેવું વર્તન કરવું. તેના શરીરમાં તથા માનસિક રીતે જે ફેરફાર થઈ રહ્યા છે તે નોર્મલ છે આ ઉંમરે આવું થાય તે તેને સમજાવો. આ સ્થિતિમાં ઓપોઝિટ સેક્સ તરફ આકર્ષણ થાય તે પણ સ્વાભાવિક છે. પરંતુ સાથે તેની સીમારેખા પણ તેને સમજાવવી. સીમા રેખા ઓળંગવાની જ હોય તો તેને કોન્ટ્રાસેપ્શન વિશે પણ સમજ આપો. એકબીજા જોડે મજાક મસ્તી કરે. હરે ફરે તેમાં કંઈ ખોટું નથી. પરંતુ લક્ષ્મણ રેખાના ઓળંગે તેના વિશે ખાસ તેમને સમજાવવું. કારણ કે તે માતા-પિતા તથા સમાજ માટે એક મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરતું હોય છે. તેમ છતાં કંઈક અજુગતું બની જાય તો તરત માતા-પિતાને જાણ કરે તેવું પણ તેને કહેવું. ઘણી વખત માતા-પિતાને જાણ ન કરવાના કારણે પરિસ્થિતિ વધારે ખરાબ થઈ જાય અને સમાજની અંદર આબરૂ જવાનો ડર પણ રહે. આવી પરિસ્થિતિ પેદા થાય ત્યારે તેનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવો. બાળક ઉપર વધુ પડતું દબાણ કરવું નહીં. કોઈક વાર તે બાળક આપઘાત પણ કરી દેતું હોય છે. આ સ્થિતિમાં બાળક એકબીજા ઉપર ઇમ્પ્રેશન જમાવવાની કોશિશ કરે. વધુને વધુ પૈસા મોજ શોખ માટે વાપરવા માટે પ્રયત્ન કરે. મા-બાપ જોડે વધુને વધુ પોકેટ મની માગવા પ્રયત્ન કરે. જો તેને જોઈતી વસ્તુ ન મળે તો તે તમારાથી ખીજાઈ પણ જાય અને ન મળે તો ડિપ્રેશનનો અનુભવ કરે. તમે તેને વારંવાર ભણવાની સલાહ આપો. પરંતુ તેને તેના હોર્મોન્સ આ રીતના પ્રેમ સંબંધ બાંધવા માટે મજબૂર કરે ત્યારે મા-બાપ તેને દુશ્મન જેવા લાગે. બાળકો એ પણ સમજવાની જરૂર છે. આ પ્રેમ સબંધના કહેવાય પરંતુ વાસના કહેવાય. જે હોર્મોન્સના કારણે ઉભરી આવે છે. તે ટેમ્પરરી હોય. ઉભરો શાંત થતા વાસ્તવિકતા સામે આવે. આ ઉંમરમાં સ્કૂલમાં દરેકને પોતપોતાની એક ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ હોય છે. કોઈપણ કારણસર તેને પોતાની ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ ન મળે ત્યારે તે હતાશાનો અનુભવ કરે. હોર્મોન્સના કારણે તે પોતાનું સાધન પણ એવી રીતના ચલાવે કે તેમાં એક્સિડન્ટ થવાનો ભય હોય. છોકરાઓ વધુ સારા દેખાવા માટે પોતાના શરીર ઉપર ટેટુ ચિત્રાવે. વાળની સ્ટાઇલ અલગ અલગ રાખે. બાઈક ફાસ્ટ ચલાવે. છોકરીઓ ટૂંકા ટૂંકા વસ્ત્ર પહેરે પોતાની જાતને વધને વધુ એક્સપોઝ કરવા માટે પ્રયત્ન કરે. આ બધું તેમનામાં રહેલા હોર્મોન્સ કરાવે છે. જ્યારે આપણે તેનો વિરોધ કરીએ ત્યારે એ આપણને દુશ્મન માને છે. સ્કૂલમાં કમ્પેરીઝન પણ વધારે થાય. બધા સ્કૂટર લઈને આવતા હોય અને તમારી જોડે કોઈ પણ સાધનના હોય અથવા તો સાયકલ હોય તો તે બાળક ઇન્ફીરીટી ફિલ કરે. તેથી મા-બાપને ન છૂટકે પણ તેને બાઈક કે સાધન લાવી આપવું પડે છે.

આ ઉંમરમાં લપસી જવાના ચાન્સ વધારે હોય. શરીરમાં થતા હોર્મોનલ ચેન્જીસની સાથે સાથે મેચ્યોરિટી ન હોવાને કારણે ઘણીવાર મા-બાપ માટે મુશ્કેલી ઊભી કરતા હોય છે. અત્યારના બાળકોને ખાસ કહેવાનું છે કે

ફાધર ડે કે મધર ડે નહિ ઉજવશો તો ચાલશે. પરંતુ તમારા મા-બાપને તણાવ પેદા થાય તેવું કોઈ પણ કામ ન કરો. તમારી જોડે નવરાશનો ટાઈમ હોય તો તમારા મા-બાપને તે કામમાં મદદ પણ કરો. એટલિસ્ટ તમારું પોતાનું કામ જાતે કરી લો તો પણ બસ છે. બાળકોએ પણ ધ્યાન રાખવાનું છે કે આ સમય ભણવાનો છે. જો તમે તમારું કોન્સન્ટ્રેશન બીજી જગ્યાએ લગાવશો તો તમારું ભણવાનું ખરાબ થશે. તમને મા-બાપે આપેલી સ્વતંત્રતાનો ખોટો ઉપયોગ ન કરો. તમને આપેલી સ્વતંત્રતાનું સન્માન કરો. આ સ્થિતિમાં બાળકોમાં પેદા થતી સેક્સ્યુઅલ એનર્જીને બીજી તરફ વાળવી જરૂરી છે તેથી બાળકો વધુને વધુ આઉટડોર ગેમ રમે, ડાન્સ કરે તે જરૂરી છે. તેમ છતાં સેક્સ્યુઅલ એનર્જી હેરાન કરતી હોય તો તેને masturbation (મુઠીયા) દ્વારા રિલીઝ કરવામાં કોઈ પાપ નથી. બને ત્યાં સુધી બાળકોએ સેક્સ્યુઅલ એનર્જીને ઉત્તેજિત કરે તેવા દ્રશ્યો તથા વિડીયો જોવા નહીં કારણ કે તેની અસર આપણા મન ઉપર પડતી હોય છે. પહેલાના જમાનામાં છોકરીઓને માસિક 13 થી 14 વર્ષે શરૂ થતું હતું અત્યારે ઘણી બધી છોકરીઓને 9 થી 10 વર્ષમાં માસિક શરૂ થવા માંડ્યું છે. મારું માનવું છે કે તેનું એક કારણ આ સેક્સ્યુઅલ એક્સપોઝર છે. તથા પડીકા પેક ફાસ્ટ ફૂડ છે.

હવે જ્યારે તે બાળક કોલેજમાં આવે ત્યારે peer pressure એટલે કે સહ અધ્યાયીના દબાણના કારણે તે આલ્કોહોલ કે ડ્રગ્સ લેતું થઈ જાય. તે ના લેતો હોય તો તેના દોસ્તો તેને દોસ્તીના સોગંદ ખવડાવીને પણ તેને તે લેતો કરી નાખે. એક વખત ડ્રગ્સ કે આલ્કોહોલ લીધા પછી તેને વારંવાર લેવાની ઈચ્છા થાય. પછી તે તેનો બંધાણી બની જાય. આલ્કોહોલ કે ડ્રગનું વ્યસન થવું તે વન વે રસ્તો છે. તેમાંથી પાછા વળવું બહુ જ મુશ્કેલ છે. તેથી દરેક બાળકે ધ્યાન રાખવાનું છે કે બીજું બધું થોડું ઉપર નીચે ચાલશે પરંતુ ડ્રગ્સના વ્યસનની ન બની જતા. નહિતર આખી જિંદગી ખલાસ થઈ જશે. પછી તમને કોઈ નહિ બચાવી શકે. ડ્રગના કિસ્સામાં શરૂઆતમાં દોસ્તો તેને પૈસા આપે અથવા મફત પીવડાવે પછી તેને ન આપે. તેથી તે ખરીદવા માટે તે ગમે તે કરવા પણ તૈયાર થઈ જાય. ગમે તેવું અસામાજિક કામ કરવા માટે પણ તૈયાર થઈ જાય અને મા-બાપ રોકે તો તેને પણ તે મારી નાખવા માટે પણ તૈયાર થઈ જાય. આવું થાય ત્યારે દરેક બાળકે એક વસ્તુ ધ્યાન રાખવી. તમારા દોસ્તો તમને દોસ્તીના સોગંદ ખવડાવીને પીવડાવે કે ડ્રગ્સ આપે તો તમારે તેને સામે તેમ કહેવાનું કે હું પણ તારો દોસ્ત છું. તો દોસ્તી નાતે તું આ પીવાનું કે ડ્રગ છોડી કેમ નથી દેતો. તે તમને દોસ્તીના સોગંદ ખાઈને પીવડાવે તો તમારે તમારી દોસ્તીના સોગન ખાઈને તેને છોડાવી દેવાનું અથવા તો મક્કમ રહીને ત્યાંથી હટી જવું. દોસ્તી દોસ્તીના ઠેકાણે છે અને વ્યસન વ્યસનના ઠેકાણે. તમે તમારી આજુબાજુ કેવા દોસ્તો રાખો છો તે પણ તમારે ચેક કરી લેવા જોઈએ અને મા-બાપને પણ ખબર હોવી જોઈએ કે મારા બાળકના દોસ્તો કેવા છે. કારણ કે એક વખત તમે ડ્રગ્સ કે આલ્કોહોલના રવાડે ચઢ્યા પછી તેમાંથી પાછા આવવાની શક્યતા બહુ જ ઓછી છે. આખી જિંદગી તમે તમારી બગાડી નાખો છો તે મા-બાપ માટે તથા સમાજ માટે ચિંતાનો વિષય બની જાય છે.

તમારા બાળકને શું બનવું તેના માટે તમે ફોર્સના કરો પ્રથમ તેને ઓબ્ઝર્વ કરો તેને શેમાં ઇન્ટરેસ્ટ છે. તેમાં તેને આગળ વધવા માટે પ્રેરિત કરો. હું તો ડોક્ટરના બની શક્યો નહિ પરંતુ તું તો ડોક્ટર બનજે જ તેવો ફોર્સ ન કરો. તેને જેમાં રસ હોય તે તેને બનવા દો. કેરિયરની પસંદગીમાં પણ મા-બાપ અને બાળક વચ્ચે દુશ્મની પેદા થતી હોય છે. બાળકને કંઈક અલગ બનવું છે અને મા-બાપ તેને અલગ બનાવવા માંગે છે. આ દુનિયામાં બધા જ માણસો બધું જ કરી શકે તેવું શક્ય નથી પરંતુ દરેક માણસમાં ભગવાને કંઈક વિશેષતા મૂકી છે. તે વિશેષતા પ્રમાણે તે સમાજને અર્પણ કરે તે મહત્વનું છે અને તેમાં તેનો રસ હોય તો તો અતિ ઉત્તમ. બાળક ભણવામાં એકદમ અવ્વલ નંબરનું જ હોવું જોઈએ પહેલો નંબર જ લાવવું જોઈએ તેવો આગ્રહ ન રાખો. કારણ કે બધા જ પહેલો નંબર લાવે તે શક્ય નથી. તે એવરેજ ભણી લે તે મહત્વનું છે. કારણ કે તમે બારમા ધોરણ સુધી જે કંઈ ભણ્યા છો તેમાનુ મોટાભાગનું રીયલ લાઇફમાં કંઈ કામમાં આવતું નથી. રીયલ લાઈફમાં તેના મૂલ્યો જ કામમાં આવે છે અથવા વ્યવસાયિક શિક્ષણ કામમાં આવે છે. તમારા એક્સપેક્ટેશન પૂરા ન કરી શકવાના કારણે ઘણી વાર બાળકો સુસાઇડ કરે છે.

# વિકાસનું મૂળ વિસ્તરણ

છત્રાળા મહેશ તુલસીદાસ (અંજાર)

આજે ટેકનોલોજીનો યુગ છે તેમાં સૌ આગળ વધી રહ્યા છે. સમયની સાથે ટકવું હોય તો નવું નવું વિચારવું પડશે, તેનું અનુકરણ કરવું પડશે, આપણા સમાજમાં ઘણા સમયથી પિતાની દુકાન પુત્ર સંભાળે તે ચાલ્યું આવે છે તેમાં એમ કરી શકાય તે પિતાની દુકાન ચાલુ રહે અને પુત્ર અલગથી કંઈક બિઝનેસ શરૂ કરે તેથી ડબલ આવક થઈ શકે. પુત્રને નવું નવું જાણવા મળશે થોડોક આગળ વધશે ઘણી વખત એક જ બિઝનેસમાં ચાર પાંચ ભાઈઓ રોકાયેલા હોય છે જેથી નવું થઈ શકતું નથી અને પ્રગતિ થતી નથી થોડોક વિચાર કરવો જોઈએ.

કોઈ મધ્યમ ઘરનો પરિવાર હોય તો અભ્યાસની સાથે પુત્રને કંઈક કામ અપાવવું જોઈએ જેથી તેને પૈસાની કિંમત સમજાય છે. આજે બાળકો મોબાઇલના ભરડામાં કેદ છે મોબાઇલના હિસાબે નવું વિચારી શકતા નથી. બાળકોને નવી નવી જગ્યાએ લઈ જવા જોઈએ, નવું નવું બતાવવું જોઈએ, નવી નવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. આપણા સગા સંબંધીઓના ઘરે રોકાવા માટે મૂકવા જોઈએ ત્યાં નવો નવો અનુભવ મળે છે. લોકોના સંપર્કમાં આવવાથી નવી વાતો જાણવા મળે છે. બાળકોનો માનસિક વિકાસ થાય છે.

કચ્છની વાત કરીએ તો અંજારમાં આપણા સમાજ કરતા અન્ય સમાજની સોના ચાંદીની દુકાન વધી રહી છે. તેઓ પુત્રને અલગ તાલીમ આપીને અલગથી દુકાન કરી આપે છે જેથી તેના પર જવાબદારી આવે છે. ક્યારેક ધંધામાં નુકસાની જાય તો તેને શીખવા મળે છે થોડાક અનુભવથી પોતાની પેઢી સાચવી શકશે. વડીલોએ આ બાબતે થોડું વિચારવું જોઈએ વિકાસ કરવા માટે થોડું જતું કરવું પડે થોડો જોખમ લેવો જોઈએ.

# ‘‘ફરિ’’ યાદ કરે એવું જીવન જીવીએ

મહેશ એલ. સોની (નખત્રાણા)



કોઈએ સરસ કીધું છે કે કેટલું જીવ્યા એ મહત્વનું નથી પણ કેવું જીવ્યા એ મહત્વનું છે. ચોર્યાસી લાખ યોનીમાં ફક્ત એક જ વખત મનુષ્ય દેહ આપણને પ્રાપ્ત થાય છે એવું કહેવાય છે ત્યારે જીવન એવું જીવવું કે લોકો ‘‘યાદ’’ કરે આપણે જોતા જ હોઈએ છીએ ઘણા લોકો આ અમૂલ્ય જીવન યેનકેન પ્રકારે વેડફી નાખતા હોય છે.

ઘણી વખત એવું પણ બનતું હોય કે ઘણા લોકોને મનુષ્ય દેહ મળે પણ કોઈ જન્મજાત ગાંડા હોય કે કોઈ શારીરિક ખોડ ખાંપણ ધરાવતા હોય તો કોઈ અકસ્માતે ખોડ ખાંપણ ધરાવતા થઈ જાય તો ઘણા એવા પણ જોવા મળે કે ખૂબ હોશિયાર હોય છતાં અમુક સંજોગોવસાત એમાં ગાંડપણ સવાર થઈ જતું હોય છે ત્યારે આપણે એને એના કર્મનો બદલો મળ્યો એવું કહેતા હોઈએ છીએ.

ઘણી વખત ઘણાં લોકો જન્મજાત ખોડ ખાંપણ ધરાવતા હોવા છતાં પણ દુનિયામાં કઈક એવું કામ કરી જતા હોય છે કે દુનિયા વર્ષો વરસ યાદ કરે છે. વિખ્યાત સંગીતકાર રવિન્દ્રજૈન તેનું ઉત્તમ ઉદહરણ ઘણી શકાય જેઓ જન્મથી દ્રષ્ટિહીન હોવા છતાં પણ એવું કર્ણપ્રિય સંગીત જગતને પીરસી ગયા કે વર્ષો સુધી એમનું કર્ણ પ્રિય સંગીત કાનોમાં ગુંજતું રહેશે .

આવા તો અસંખ્ય ઉદાહરણ આપી શકાય તેમ છે કે ઈશ્વર તરફથી જે પણ ખોડ ખાંપણ ભરેલી જીવનરૂપી

ભેટ મળી તેને હોંશે હોંશે કોઈ પણ જાતની ફરિયાદ વિના સ્વીકારી અને મહેંકતા ફૂલ જેવું જીવન જીવી દુનિયાને અલવિદા કરી ગયા. આપણે તો ઈશ્વર તરફથી આવી કોઈ પણ ઉણપ વગરનું શ્રેષ્ઠ જીવન મળ્યું છે તો શું કામ એને વેડફી નાખીએ? આજથી જ સંકલ્પ કરીએ જીવનને ફૂલ જેવું મઘમઘતું બનાવીને લોકો ફરિયાદ નહિ પણ આપણા ગયા બાદ ''ફરિ'' યાદ કરે એવું જીવન જીવી જઈએ. આપણે સૂરજ તો નહીં જ બની શકીએ પણ દિપક બની કોઈના જીવનમાં થોડું ઘણું અજવાળું બનવાની કોશિશ તો કરી જ શકીએ ને?

## ઊંચા આસન પર બેસી જવાથી ગૌરવ વધતું નથી...

**પૂજા કટ્ટા (નખત્રાણા)**

આજના સમયમાં જોઈએ તો સમાજના કેટલાક આગેવાનો માત્ર ''તસવીરે બયા'' બની ગયા છે ખાલી સ્ટેજ ઉપર મોટી સ્પીચ આપી વાતો કરનાર લોકો સમાજમાં કોઈને તકલીફ પડે તો સાથે દેખાતા નથી. મોટા ભાગના લોકો સમાજમાં હોદો માત્ર ફેમસ થવા અને હું કહું એમ થવું જોઈએ તેવી માનસિક લગુતાગ્રંથિ ધરાવતા જોવા મળે છે. હોદાનો મોહ રાખનાર વ્યક્તિ સમાજને થતું નુકશાન પણ જોતા નથી. શું સમાજસેવા હોદા ઉપર હોવ તો જ થાય છે?? સમાજમાં કોઈ ઊંચા પદ કે હોદા ઉપર બેસી જવાથી આપણું ગૌરવ ક્યારે વધી જતું નથી ગૌરવ તો આપણા અંદર રહેલા ગુણોના કારણે આવે છે.

સમાજમાં અંદરો અંદર રચાયેલા ગ્રૂપવાદએ સમાજને છીનભીન અવસ્થામાં લાવી મૂક્યો છે. સહજ આપણે એમ થાય કે સમાજ સેવા કરવા નીકળેલા આ મહાનુભાવો સમાજ સેવકોની પ્રમાણિકતા અને નિષ્ઠા કેટલી ?? આજના સમયમાં સમાજમાં કેટલાક લોકો માત્ર સ્ટેજની શોભા વધારતા જોવા મળે છે. જેઓ તો કોઈ કામ કરતા નથી અને બીજાને પણ કરવા આપતા નથી. સમાજનું ધ્યેય શું છે તેની જરૂરિયાત કેટલી છે તેનો ખ્યાલ મોટા ભાગના લોકોને હોતો જ નથી એટલે જ સમાજમાં બિનજરૂરી કર્યો કરતા રહે છે અને જે કરવા જેવું છે તે ક્યારે થતું નથી.

યોગ્યતા વિનાની ઉપલબ્ધિ નકામી છે. સમાજમાં ગણી વાર અયોગ્ય વ્યક્તિઓ સંજોગો વશાત ઉચ્ચ હોદા કે સ્થાન ઉપર બેસી જાય છે પરંતુ તેની યોગ્યતાના અભાવનાં કારણે છેવટે પોતે તો નિષ્ફળ જાય છે અને સમાજને પણ હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકે છે.

સમાજમાં આગળ આવનાર યુવાવર્ગો માટે પગથિયું ન બની શકો તો કઈ વાંધો નહિ પણ ચાલનારાઓનાં માર્ગમાં ખાડા રૂપ તો ન જ બનો. સમાજના આગેવાનો થઈને જો અજાણતા ભૂલ થતી હોય તો જાહેરમાં ખેલદિલી પૂર્વક દિલગીરી વ્યક્ત કરી લેવી જોઈએ. આપણે સૌ સમાજમાં એકતા જાળવી રાખશું તો જ સમાજ વિકાસ તરફ આગળ પગલું ભરી શકશે બાકી અંદરો અંદર બનેલ વ્યક્તિઓનો સમાજ એ સમાજના ભાગલા પાડીને સમાજને દસનીય પરિસ્થિતિમાં મૂકી અને સમાજના આગળ વિકાસ ઉપર પણ કદાચ પૂર્ણવિરામ મૂકી શકે છે.

### *''કાવ્ય''*

*કુંચી બાઈજીની મેં સાચવી મૂકી છે ને,*
*ગાંધીની પુંજી મેં રાખી મૂકી છે*

*હજીપણ છે અકબંધ મનમાં એ યાદો*
*લખીને જે કાગળમાં ફાળી મૂકી છે.*

*બલીનો જ બકરો બનાવે સમય તોય*
*સમય પર વળી શ્રદ્ધા પાછી મૂકી છે.*

*રગશિયા જીવનને બનાવવા રશિયું*
*હકીકત અભિપ્રાયે દાબી મૂકી છે.*

*ખાલી રાખવા રાજી આતમના રામ*
*બધી મીઠી ઈચ્છાઓ ચાખી મૂકી છે.*

***- જીનલ જીગર યાદ***

# તણખલું

ધારા રવજીભાઈ બારમેડા

"આજે તો અર્જુન હદ જ થઈ ગઈ. હું કંઈ જ બોલતી નથી એનો અર્થ એ એવું સમજે છે કે.." કહેતી અલ્કાની નજર આરામથી સામયિક વાંચી રહેલા અર્જુન પર પડી કે તરત જ શાક સમારવાનું અધવચ્ચે છોડી અર્જુનના હાથમાંથી સામયિક ઝૂંટતા અલ્કા રીતસરની બરાડી. "તમે મને સાંભળો છો કે નહીં...?"

મૂંઝાયેલા અર્જુને સ્વ બચાવમાં કહ્યું, "હા..હા... અલ્કા, હું તને જ સાંભળું છું. બોલ, તું શું કહેતી હતી..!"

જો કે, છેલ્લા એક મહિનાથી આ રોજનું થઈ ગયું હતું. સ્પેસ પ્રોજેક્ટમાં અલ્કાની પસંદગી પામવાનો અણગમો સહકર્મચારી એવા આકાશને હંમેશા રહેલો. પોતાનો પગ જમાવવા માટે યેનકેન પ્રકારેણ બસ અલ્કા આ પ્રોજેક્ટ છોડી દે તે માટેના તેના પ્રયત્નો દિવસેને દિવસે વધુ જોર પકડતા અને દિવસભરના આકાશના આ પ્રયત્નોની રામાયણ અલ્કા અર્જુન સમક્ષ દરરોજ ગાતી.

"હું એમ કહું છું કે આજે તો બધાની વચ્ચે આકાશે કહ્યું કે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' જાણે અમે રસોડા પૂરતી જ બનેલી છીએ..!! અને તમને ખબર છે..." કહેતી અલ્કાએ ફરી અર્જુન પર નજર ફેંકી. અર્જુન ધીમેકથી બાજુ પર મુકેલ સામયિક ઉપાડવાની ચેષ્ટા કરતો હતો.

હાથમાં સામયિક આવતા જ 'અલ્કા જોતી નથી ને...!' તેની ખાતરી કરવા અર્જુને અલ્કા પર નજર ફેંકી. ત્યાં તો અગન વર્ષાવતી અલ્કાની આંખો જોઈ હાથમાં આવેલ સામયિક પાછુ એમનું એમ મૂકી અર્જુન સીધો સટ બેસી ગયો.

ક્ષણભરની શાંતિ બાદ અલ્કા શાક વઘારતા ફરી બબડી. "તમને તો કાંઈ જ પડી નથી કે બીજા શું કહે છે, શું નહીં.."

"અલ્કા...!!" અર્જુને પ્રેમથી કહ્યું.

"હા, સાચી જ વાત છે ને...! તમને ક્યાં કાંઈ ચિંતા છે..??"

"અલ્કા, સાંભળ...." અર્જુને ટમેટાનો એક કટકો મોઢામાં મુકતા આગળ કહ્યું. "હું તો રાહ જોઉં છું કે બસ હવે વિકરાળ આગ લાગે."

"મૅડમ, હમ પહુચ ગયે હૈ." ડ્રાઈવરના આ શબ્દો કાને પડતા જ ભૂતકાળમાં સરી ગયેલી અલ્કાની આંખો ખુલી. ભવ્ય સ્વાગત વચ્ચે અલ્કાની નજર ચોતરફ ફેલાઈ.

વિદેશના ચાર વર્ષના સ્પેસ કોર્સ સાથોસાથ સરકારના પ્રોજેક્ટને સફળ બનાવવા બદલ સરકારે વિશેષ સન્માન સહ હોદ્દો આપેલ જેથી આજે અલ્કાનું ભવ્ય સ્વાગત થવાનું હતું.

જો કે, અર્જુને અલ્કા વિદેશ જાય તે માટે લાખ પ્રયત્નો કર્યા, પરંતુ ખરેખર તો ભીતરની આગના કારણે જ આ શક્ય બનેલું અને માટે શુભેચ્છા સમારોહમાં આકાશ શુભેચ્છા આપવા હાથ લંબાવે તે પહેલા જ અલ્કાએ કહ્યું,

"આકાશ, તમારો ખૂબ ખૂબ આભાર."

પડખે ઊભેલા અર્જુને પણ હસતા હસતા સુર પુરાવતા કહ્યું, "આકાશ, આજે તને જોઈને હું વિચારું છું કે એ તણખલું કેવું હશે કે આખરે આગ વિદેશ સુધી પ્રસરી જ ગઈ...!" આકાશ કંઈ જ ન સમજી શક્યો અને આછા સ્મિત સાથે અદ્રશ્ય થયો.

---

***જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માટે નીચે મુજબના ૪ રસ્તા અપનાવો:***

*(૧) દિમાગ હંમેશાં ઠંડુ રાખવું જોઈએ.*

*(૨) સમયની હંમેશાં કિંમત રાખો.*

*(૩) ભવિષ્ય માટે બચત કરતાં રહો.*

*(૪) પગ સદા જમીન પર ટકાવી રાખો.*

## નખત્રાણાની યુવતીએ કસુંબો મેગેઝિન દ્વારા ગર્વશિલ "ક" પદક મળ્યો



નખત્રાણાના કુ. પૂજા ભરતભાઇ કટ્ટા છેલ્લા કેટલા સમયથી પોતાની લેખન માળા, આર્ટિકલ વગેરે પ્રસંગો અનુસાર વિવિધ અખબારો મેગેઝિન સહિત કેનેડા જેવા વિદેશોમાં પણ પ્રસિદ્ધ થાય છે.

નાની વયે વિવિધ વિષયો પર લખવાનું શોખ ધરાવતા પૂજા એ લેખન ક્ષેત્રે અમદાવાદથી પ્રસિદ્ધ થતાં કસુંબો જ્ઞાન પંથમાં લેખનશૈલી દરમિયાન તેમની લેખન પધ્ધતિ પસંદ પડતા કસુંબો મેગેઝિન દ્વારા ગર્વ શીલ અને સન્માનીય એવા "ક" પદક આપીને સન્માનિત કરાયા હતા. કુ. પૂજાને પોતાના શિક્ષણ કાર્યથી જ લેખનનો શોખ છે અવનવા વિષયો ઉપર યુવાનોને છાજે એવો અનેક લેખો લખ્યા છે લેખન સાથે ગાવાનું શોખ ધરાવે છે સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીમાં સંગીત ક્ષેત્રે ભાગ લઈ અનેક પ્રમાણપત્ર નંબર મેળવ્યાં છે ઉપરાંત સારી એવી એનકરીંગ પણ કરી જાણે છે. પૂજાએ સંગીતની કોઈપણ જાતની તાલીમ લીધી નથી. પોતાના સુમધુર સ્વરને લીધે ખૂબ જ લોકપ્રિયતા મેળવી ચૂકી છે.

થોડા વર્ષોથી નવરાત્રીના નવે દિવસ નિસ્વાર્થ ભાવે સેવા આપે છે તદુપરાંત અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં પણ સેવા આપી રહી છે. પૂજા એક સારી મેકઅપ આર્ટિસ્ટ પણ છે મેકઅપ, અવનવી હેર સ્ટાઇલમાં પણ કુશળતા મેળવી છે સ્કેચ આર્ટિસ્ટ પૂજાએ ઘણા ચિત્રો પણ દોર્યા છે. સાથે ભરત ગૂંથણ વગેરેનો પણ તેને ખૂબ શોખ છે. આમ તેમના ઉપર દેવી સરસ્વતીની અસીમ કૃપા કલાનો ત્રિવેણી સંગમ કહી શકાય.

## સમાજની દીકરીએ રાષ્ટ્રીય યુથ ફેસ્ટિવલમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું



ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા આયોજિત ૨૭મો રાષ્ટ્રીય યુવા ઉત્સવ નાસિક - મહારાષ્ટ્ર ખાતે ઉજવાયો હતો.


જેમાં પાટણ ખાતેના રાજ્ય કક્ષાના યુવા ઉત્સવમાં વાર્તા લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવનાર કચ્છ જિલ્લાના રવાપર ગામના ધારા રવજીભાઈ બારમેડા (માતા- જશોદાબેન) એ નાસિક - મહારાષ્ટ્ર ખાતે આયોજિત ૨૭મા રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું જે ગુજરાત રાજ્ય માટે ગૌરવની બાબત હોઈ તે બદલ ધારાબેનને ઠેર - ઠેરથી અભિનંદનસહ શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.

આ ઉપરાંત સિધ્ધિમાં ઉમેરો કરતી બાબત એ છે કે મદદનીશ પ્રાધ્યાપક બનવા સાથે સંશોધન ક્ષેત્રમાં આગળ વધવા માટે મહત્વની એવી જીસેટની પરીક્ષામાં કોમર્સ વિષયમાં સફળતા મેળવેલ છે. આ અગાઉ તેઓ જીસેટ અને બે વાર નેટની પરીક્ષા શિક્ષણશાસ્ત્ર વિષય સાથે પાસ કરેલ છે.હાલમાં ધારાબેન ગાંધીધામ ખાતે આવેલ વી. ડી. ઠક્કર બી. એડ્. કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકેની સેવા આપી રહ્યા છે.

*બાળકને જમવાનું આપવામાં ન આવે તો તે થોડો સમય રડશે, પરંતુ જો સંસ્કાર આપવામાં ન આવે તો તે આખી જિંદગી રડશે..*

# આપણા સમાજનું પુસ્તક “આપણી વિરાસત” ગુજરાતની લાયબ્રેરીઓમાં વંચાશે!

**મનુભાઈ કોટડીયા**




આપણા માટે એ ગૌરવની વાત છે કે, અમદાવાદ મંડળ દ્વારા પ્રકાશીત અને તુલસીદાસ કંસારા દ્વારા સંપાદીત ૩૫૦ પેજનું આ દસ્તાવેજી પુસ્તક “આપણી વિરાસત” ને “રાજારામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન અને ગુજરાત રાજ્ય યોજના” હેઠળ તેમાંના મટેરીયલની માવજતને કારણે પસંદ કરવામાં આવેલ છે. તેમના તરફથી મળેલ આદેશ મુજબ ગુજરાત ગ્રંથાલય, ગાંધીનગરને ૫૧ નકલો પહોંચતી કરવામાં આવેલ છે. આ પુસ્તકો હવે જીલ્લા લાયબ્રેરીઓમાં તેમના તરફથી મોકલવામાં આવશે અને કચ્છી મારૂ કંસારા સોની સમાજના આ ઐતિહાસીક દસ્તાવેજને અનેક વાંચકો જોઈ શકશે, વાંચી શકશે અને આ સમાજ વિશે વિશેષ માહિતી મેળવી શકશે. આ પુસ્તકને સાર્વજનિક રીતે ઉપલબ્ધ કરાવવા માટે અમે “રાજારામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન અને ગુજરાત રાજ્ય યોજના” આભારી છીએ.

આ પુસ્તકની હવે ગણતરીની નકલોજ બાકી રહેલ છે, અને રોજ-બરોજ આવતી પૂછ-પરછ જોતાં, તેની બીજી આવૃત્તિ બહાર પાડવી જરૂરી બની ગયેલ છે. આથી, તે માટેની તૈયારી ચાલુ કરી દિધેલ છે. આપણા સમાજના જે પણ ભાઈ-બહેનોએ આ પુસ્તક વાંચેલ હોય કે જોયેલ હોય, તેમને વિનંતી કે આ પુસ્તકમાં તેમના પરિવાર વિશેની માહિતીમાં કોઈ ભૂલ-ચૂક રહી ગયેલ હોય, અથવા તો તેમને પોતાના પરિવાર વિશે કોઈ વિશેષ માહિતી મોકલવાની હોય તો “જ્ઞાતિસેતુ”ને પહોંચતી કરવી, જેથી બીજી આવૃત્તિમાં તેનો સમયસર સમાવેશ થઈ શકે,

આ સિવાય કચ્છના અનેક પરિવારોએ સૌરાષ્ટ્રના મારૂ કંસારાઓ જોડે પારિવારીક સબંધો બાંધેલ છે, તેવા પરિવારના સભ્યોને વિનંતી કે તેઓ તેમના સૌરાષ્ટ્રના સબંધીઓ વિશેની જાણવા લાયક માહિતી “જ્ઞાતિસેતુ”ને ઉબલબ્ધ કરાવે, કારણ કે સૌરાષ્ટ્ર માંથી એવી માંગ આવેલ છે કે “વિરાસત”નો બીજો ભાગ મુખ્યત્વે સૌરાષ્ટ્રના મારૂ કંસારા વિશે પ્રસિદ્ધ કરવો. “જ્ઞાતિસેતુ”ના સૌરાષ્ટ્રના વાંચકોને પણ વિનંતી કે તેમના પરિવારોની વંશાવળી સાથે પરિચય અને વિશેષ વ્યક્તિઓ વિશેની માહિતી મોકલાવે. તેમની પાસે કોઈ ઐતિહાસિક મૂલ્ય ધરાવતી માહિતી હોય, જેવીકે સૌરાષ્ટ્રમાં આગમન કેટલા સમય પહેલા થયું, કેવી રીતે થયું, પ્રથમ કોણ આવ્યું, વિગેરે માહિતી પણ મોકલવામાં આવશે તો તેનો સમાવેશ બીજી આવૃત્તિમાં કરવામાં આવશે.

## પ્રતિભાવ

**- તલુસીદાસ કંસારા (અમદાવાદ)**

૧૦૧મા દિપોત્સવી અંકમાં નિયમીત કોલમો જેવીકે સત્સંગ, પરિવારો, વી. સિવાય બાકી રહી ગયેલ યુવાશક્તિના પરિચયો તેમજ શુભસંદેશાઓમાં અમદાવાદ મડંળની મૂલ્ય આધારીત ત્રીજી પ્રવૃતિ ગ્રથં પ્રકાશનને મુ. શ્રી હંસરાજભાઈએ બીરદાવેલ છે, તો લતાબેને વીસ વરસો સુધીની શબ્દ યાત્રા દ્વારા અનેક તારલાઓને ઝગમગતા કરવા બદલ તેમજ ‘વિરાસત’ પુસ્તક મારફતે પ્રેરણાત્મક વ્યક્તિઓની જાણકારી આપવા બદલ ધન્યવાદ પાઠવેલ છે. શ્રી પોરબંદરથી કમલેશભાઈ બુદ્ધભટ્ટીએ તેમના ‘આપણી વિરાસત’ના રીવ્યુમાં લખેલ છે કે આ પુસ્તકે “આપણી જ્ઞાતિની સાંસ્કૃતિક ઓળખના વિશેષ અભ્યાસ માટે માર્ગ તૈયાર કરી આપ્યો છે” અને આગળ જણાવેલ છે કે ‘He has created order out of chaos’ મતલબ કે અત્યાર સુધી જે માહિતી અનેક જ્ગ્યાએ વિખરાયેલ પડી હતી તેને એક દસ્તાવેજ રૂપે સુવ્યવસ્થીત કરેલ છે. આ અંકમાં ભાઇશ્રી હરનિશ કંસારાનો હળવી શૈલીમાં પરંતુ સમયાનુરૂપ ત્રણ કાણાવાળી હોડીના રૂપે ડાયાબિટીશ સામે પોતાના સ્વાસ્થયની લેવાની થતી કાળજી તેમના અભ્યાસુ તર્ક સાથે સમજાવેલ છે.

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut




Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00